સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC
## CURRENT AFFAIRS

WEEK **37** (11/09/22 to 17/09/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)











JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**11 SEP-2022**


- બ્રિટનમાં 'સૂર્યાસ્ત' : બ્રિટનના મહારાણી એલિઝાબેથ દ્વિતીયનું નિધન ........ 02
- QUESTION ANSWERS ........ 07


**12 SEP-2022**


- દિવસ મહિમા : 12 સપ્ટેમ્બર, દક્ષિણ-દક્ષિણ સહયોગ માટે આંતરરાષ્ટ્રીય દિવસ (International Day for South-South Cooperation) ........ 08
- ઓપરેશન 'ગિયર બોક્સ' (Operation Gear Box) ........ 08
- ભારતીય સેનાના પ્રમુખને નેપાળના આર્મી જનરલનો માનદ રેન્ક એનાયત કર્યો ........ 11
- QUESTION ANSWERS ........ 12


**13 SEP-2022**


- પ્રોજેક્ટ 17A હેઠળ ત્રીજું સ્ટીલ્થ ફ્રિગેટ 'તારાગીરી' લોન્ચ કરવામાં આવ્યું ........ 13
- દ્વારકા શારદાપીઠના જગદગુરુ શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીજી 99 વર્ષની વયે બ્રહ્મલીન થયા ........ 14
- વર્લ્ડ ડેરી સમિટ 2022 ........ 16
- QUESTION ANSWERS ........ 17


**14 SEP-2022**


- દિવસ મહિમા : 14 સપ્ટેમ્બર, હિન્દી દિવસ ........ 18
- US Open ટેનિસ ટુર્નામેન્ટ 2022 ........ 18
- એશિયા કપ 2022 : શ્રીલંકાનો વિજય ........ 20
- QUESTION ANSWERS ........ 23


**15 SEP-2022**


- દિવસ મહિમા : 15 સપ્ટેમ્બર, એન્જિનિયર દિવસ (Engineer's Day), આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ (International Day of Democracy), વિશ્વ લિમ્ફોમા જાગૃતિ દિવસ (World Lymphoma Awarness Day) ........ 25
- કિબિથુ મિલિટરી પોસ્ટનું નામ જનરલ બિપિન રાવતના નામ પરથી રાખવામાં આવ્યું ........ 26
- બાયો-ઈથેનોલ પ્રોજેક્ટ : ક્રિભકો-હજીરા (સુરત) ........ 27
- QUESTION ANSWERS ........ 29


**16 SEP-2022**


- દિવસ મહિમા : 16 સપ્ટેમ્બર, વિશ્વ ઓઝોન દિવસ ........ 30
- કેન્દ્ર સરકાર, આસામ સરકાર અને 8 આદિવાસી સંગઠનો સાથે શાંતિ સમજૂતી ........ 30
- સુશ્રી વિનેશ ફોગાટ વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં બે મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બન્યા ........ 32
- ઓસ્ટ્રેલિયામાં કાકાડૂ 2022 સૈન્ય અભ્યાસ શરૂ થયો ........ 32
- QUESTION ANSWERS ........ 33


**17 SEP-2022**


- દિવસ મહિમા : 17 સપ્ટેમ્બર, વિશ્વ દર્દી સલામતી દિવસ (World Patient Safety Day) ........ 34
- ભારતીય ક્રિકેટર શ્રી રોબિન ઉથપ્પાએ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી ........ 34
- શ્રી રોજર ફેડરરે ટેનિસમાંથી નિવૃત્તિની જાહેરાત કરી ........ 35
- ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમ (EEF) ........ 36
- QUESTION ANSWERS ........ 38

ONE LINER ........ 40

QUESTION OF THIS WEEK ........ 44


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બ્રિટનમાં 'સૂર્યાસ્ત' : બ્રિટનના મહારાણી એલિઝાબેથ દ્વિતીયનું નિધન



બ્રિટનમાં સૌથી લાંબો સમય શાસન કરનાર રાણી એલિઝાબેથ દ્વિતીયનું 70 વર્ષ સુધી શાસન કર્યા બાદ 8 સપ્ટેમ્બરે સ્કોટલેન્ડના બાલમોરલ કેસલમાં 96 વર્ષની વયે નિધન થયું છે.

- રાણી એલિઝાબેથ IIના મૃત્યુ બાદ શાસન તેમના સૌથી મોટા પુત્ર પ્રિન્સ ઓફ વેલ્સ ચાર્લ્સને સોંપવામાં આવ્યું છે.
- હવેથી તેમને કિંગ ચાર્લ્સ III (3) તરીકે સંબોધવામાં આવશે.
- અને તેમને બ્રિટિશ બંધારણીય રાજાશાહીમાં રાજ્યના વડા તરીકે સ્વર્ગસ્થ રાણીએ સંભાળેલી તમામ સત્તાઓથી નવાજવામાં આવશે.

### મહારાણી એલિઝાબેથ- II



- જન્મ : 21 એપ્રિલ, 1926
- જન્મ સ્થળ : મફેર, લંડન (ઈંગ્લેન્ડ)
- પિતા : કિંગ જ્યોર્જ VI (છઠ્ઠા)
- માતા : એલિઝાબેથ બોવેસ–લ્યોન
- પતિ : પ્રિન્સ ફિલિપ
- મૂળ નામ : એલિઝાબેથ એલેક્ઝાન્ડ્રા મેરી
- નિધન : 8 સપ્ટેમ્બર, 2022
- નિધન સ્થળ : બાલમોરલ કેસલ, એબરડીનશાયર, સ્કોટલેન્ડ (યુકે)
- એલિઝાબેથ એલેક્ઝાન્ડ્રા મેરી, સત્તાવાર રીતે એલિઝાબેથ દ્વિતીયનો જન્મ 21 એપ્રિલ, 1926ના રોજ ઈંગ્લેન્ડના લંડનમાં થયો હતો.
- રાણી એલિઝાબેથ દ્વિતીય યોર્કના ડ્યૂક પ્રિન્સ અલ્બર્ટ અને તેમની પત્ની લેડી એલિઝાબેથ બોવેસ–લ્યોનની સૌથી મોટા પુત્રી હતા.
- નોંધનીય છે કે યોર્કના ડ્યૂક પ્રિન્સ અલ્બર્ટને પાછળથી કિંગ જ્યોર્જ VI (છઠ્ઠા) તરીકે ઓળખવામાં આવ્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- વર્ષ 1947માં રાણી એલિઝાબેથ દ્વિતીયે લંડનમાં વેસ્ટમિંસ્ટર એબી ખાતે પ્રિન્સ ફિલિપ સાથે લગ્ન કર્યા હતા.
- તેમના પિતા કિંગ જ્યોર્જ VIના મૃત્યુ બાદ તેઓ 25 વર્ષની વયે સિંહાસન પર બેઠયા હતા. (6 ફેબ્રુઆરી, 1952ના રોજ બ્રિટનના રાણી તરીકે નિયુક્ત)
- 2 જૂન, 1953ના રોજ તેમને બ્રિટન, કેનેડા અને ઓસ્ટ્રેલિયા સહિત અન્ય કોમનવેલ્થ પ્રદેશના રાણી તરીકે તાજ પહેરાવવામાં આવ્યો હતો.
- એટલે કે 2 જૂન, 1953ના રોજ વેસ્ટમિંસ્ટર ખાતે તેમનો રાજ્યાભિષેક થયો હતો.

## મુખ્ય તથ્યો

રાણી એલિઝાબેથ II એ વિશ્વના સૌથી લાંબા સમય સુધી શાસન કરનાર સમ્રાટ (કિંગ/ક્વીન) છે.

- બ્રિટિશ ઈતિહાસમાં લગભગ સાત દાયકા સુધીનું તેમનું સૌથી જૂનું અને સૌથી લાંબુ શાસન છે.
- આ સંદર્ભમાં સપ્ટેમ્બર, 2015માં તેમણે તેના દાદી રાણી વિક્ટોરિયાને પાછળ છોડયા હતા, જેણે 63 વર્ષ અને સાત મહિના સુધી શાસન કર્યુ હતું.
- 2016માં તેઓ થાઈલેન્ડના રાજા ભૂમિબોલ અદુલ્યા દેજના મૃત્યુ સાથે વિશ્વમાં સૌથી લાંબો સમય શાસન કરનાર મહારાણી બન્યા હતા.

નોંધ: (1) રાણી એલિઝાબેથના પતિ પ્રિન્સ ફિલિપે બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન તેમણે નૌસેનાની ભૂમધ્ય અને પેસિફિક સૈન્ય ટૂકડીઓમાં સેવા આપી હતી.

(2) ત્યારબાદ એલિઝાબેથ રાણી બન્યા બાદ પ્રિન્સ ફિલિપે સક્રિય રીતે લશ્કરી સેવા છોડી દીધી હતી.

(3) બ્રિટિશ ક્વીન એલિઝાબેથ અને પ્રિન્સ ફિલિપને ચાર સંતાનો છે.

(4) પ્રિન્સ ફિલિપ બ્રિટિશ ઈતિહાસમાં સૌથી લાંબો સમય રહેનાર 'રોયલ કોન્સર્ટ' (Royal Consort) છે.

(5) બ્રિટનમાં સમ્રાટની પત્ની અથવા મહારાણીના પતિને 'કોન્સર્ટ' તરીકે ઓળખવામાં આવે છે.

(6) 'કોન્સર્ટ' એ એક એવી પદવી છે જે માન અને સન્માન આપે છે પરંતુ કોઈ બંધારણીય ભૂમિકા નથી.

(7) લંડન, સ્કોટલેન્ડ, આયર્લેન્ડ અને વેલ્સમાં ક્વીન એલિઝાબેથના (96 વર્ષ)ના સન્માનમાં 96 તોપની સલામી અપાઈ હતી.

## તેમના શાસનકાળ દરમિયાન ભારત-બ્રિટન દ્વિપક્ષીય સંબંધો

વર્ષ 1961માં તેઓ તેમના પતિ પ્રિન્સ ફિલિપ સાથે ભારત આવ્યા હતા.

- આ સમયે તેમનું વિશાળ અને મૈત્રીપૂર્ણ સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તેઓ તેમના શાસનકાળ દરમિયાન વધુ બે વખત ભારત આવ્યા હતા.
- તેમની ભારતની પ્રથમ મુલાકાત ખૂબ જ મહત્વપૂર્ણ હતી કારણ કે ભારત સ્વતંત્રતા પછી બ્રિટિશ શાસન દ્વારા થયેલા નુકસાનમાંથી બહાર આવી રહ્યું હતું.
- આદર ચિહ્ન તરીકે હૈદરાબાદના નિઝામે વર્ષ 1947માં રાણીના લગ્ન માટે પ્રખ્યાત કાર્ટિયર મુગટ અને તેમની પસંદગીનો હીરાનો હાર ભેટમાં આપ્યો હતો.
- વર્ષ 1983માં તેઓ બીજી વખત ભારત આવ્યા હતા. આ સમયે તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી જ્ઞાનિ ઝૈલસિંહે આ શાહી દંપતીને આમંત્રણ આપ્યું હતું.
- આ મુલાકાત દરમિયાન તેઓ મધર ટેરેસાને મળ્યા હતા અને સમાજમાં તેમના યોગદાનનું સન્માન કર્યું હતું.
- આ મુલાકાત દરમિયાન રાણીએ 24 નવેમ્બર, 1983ના રોજ મધર ટેરેસાને માનદ ઓર્ડર ઓફ મેરિટનું ચિહ્ન પ્રદાન કર્યું હતું.
- આ ઉપરાંત વર્ષ 1997માં પણ ભારતની મુલાકાતે આવ્યા હતા.
- ભારત અને યુનાઈટેડ કિંગ્ડમ વચ્ચેના સંબંધોમાં ઘણા ઉતાર ચઢાવ આવ્યા છે, પરંતુ રાણી એલિઝાબેથના પ્રભાવશાળી સ્વભાવને કારણે કોમનવેલ્થમાં હંમેશા સદ્ભાવના જળવાઈ રહી છે.

નોંધ: (1) રાણી એલિઝાબેથ દ્વિતીય યુનાઈટેડ કિંગ્ડમ, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, જમૈકા, બાર્બાડોસ, બહામાસ, ગ્રેનેડા પાપુઆ ન્યુ ગિની, સોલોમન આઈલેન્ડ, તુવાલુ સેન્ટ લુસિયા, સેન્ટ વિન્સેન્ટ અને ગ્રેનેડાઈન્સ, બેલીઝ, એન્ટિગુઆ, બાર્બુડા અને સેન્ટકિટ્સના રાણી હતા.

(2) આ ઉપરાંત કોમનવેલ્થના રાષ્ટ્રો અને પ્રદેશોના વડા પણ હતા.

## બંધારણીય રાજાશાહી

બંધારણીય રાજાશાહી એ સરકારની એક પ્રણાલી છે જેમાં રાજા બંધારણીય રીતે સંગઠિત સરકાર સાથે સત્તા વહેંચે છે.

- સમ્રાટ રાજ્યના વાસ્તવિક વડા અથવા સંપૂર્ણ ઔપચારિક શાસક હોઈ શકે છે.
- બંધારણ સરકારની બાકી રહેલી સત્તા વિધાનસભા અને ન્યાયતંત્રને ફાળવે છે.
- વ્હિગ્સ હેઠળ બ્રિટન બંધારણીય રાજાશાહી બન્યું છે.

## બ્રિટિશ રાજાશાહીની ભૂમિકાઓ અને સત્તાઓ

બ્રિટિશ રાજાશાહી એ બંધારણીય રાજાશાહી છે.

- કારણ કે રાજ્યના સાર્વભૌમ વડા હોવાના કારણે કાયદાઓ બનાવવા અને પસાર કરવાની ક્ષમતા ચૂંટાયેલી સંસદ પાસે રહે છે.
- બ્રિટિશ સમ્રાટ શાસક છે પરંતુ તે ખરેખર શાસન કરતા નથી.
- આધુનિક બ્રિટનમાં રાજાની સત્તાઓ અથવા ભૂમિકા હવે મોટા ભાગે ઔપચારિક છે.
- સમ્રાટે રાજકીય બાબતોના સંબંધમાં સખત રીતે તટસ્થ રહેવું પડે છે.
- અન્ય બંધારણીય રાજાશાહી ધરાવતા દેશોમાં બેલ્જિયમ, કંબોડિયા, જોર્ડન, નેધરલેન્ડ, નોર્વે, સ્પેન, સ્વીડન અને થાઈલેન્ડનો સમાવેશ થાય છે.

## ભૂમિકાઓ અને શક્તિઓ

### વડાપ્રધાન અને સરકારની નિમણૂક

સમ્રાટ વડાપ્રધાનની નિમણૂક કરે છે જેને સંસદ સભ્યોના બહુમતનું સમર્થન પ્રાપ્ત છે.

- એકવાર પાર્ટીના નેતા સામાન્ય ચૂંટણી જીતી જાય તો રાજ્યના વડા તેને સરકાર બનાવવા માટે બર્કિંગહામ પેલેસમાં આમંત્રણ આપે છે.
- જોકે રાજા પાસે હવે વડાપ્રધાનની નિમણૂક અથવા બરતરફ કરવાની વિવેકાધીન સત્તા નથી.

### સંસદનું ઉદ્‌ઘાટન

સમ્રાટ સંસદીય વર્ષનો પ્રારંભ રાજ્યના ઉદ્‌ઘાટન સમારોહ સાથે કરે છે જે દરમિયાન તેઓ હાઉસ ઓફ લોર્ડ્સમાં એક્ઝિક્યુટિવની આયોજિત નીતિઓ અને પ્રાથમિકતાઓ વિશે ભાષણ આપે છે.

### કાયદાની મંજૂરી

હાઉસ ઓફ લોર્ડ્સ એન્ડ કોમન્સમાં પસાર થયેલા બિલોને સાર્વભૌમ શાહી સંમતિ આપે છે.

- પરંતુ હવે તે અનિવાર્યપણે રબર–સ્ટેમ્પિંગ પ્રથા છે.
- કારણ કે છેલ્લી વખત એક બિલને વર્ષ 1907માં રાણી એની દ્વારા શાહી સંમતિ નકારી હતી.

## કોમન વેલ્થ દેશો

સમ્રાટ (ક્વીન/કિંગ) કોમનવેલ્થ ઓફ નેશન્સના વડા પણ છે.

- કોમનવેલ્થ દેશો એ બ્રિટિશ સામ્રાજ્યના ભૂતપૂર્વ પ્રદેશો છે.
- તેમાં 2.4 અબજની વસતી સાથે 56 સ્વતંત્ર રાષ્ટ્રનો સમાવેશ થાય છે.

નોંધ: (1) બ્રિટનનું રાષ્ટ્રગાન હવે <u>'ગોડ સેવ ધ ક્વીન'</u>ને <u>'ગોડ સેવ ધ કિંગ'</u>માં બદલવામાં આવશે.

(2) બ્રિટિશ પાસપોર્ટના અંદરના કવર પર લખેલા શબ્દો પણ અપડેટ થશે. કારણ કે પાસપોર્ટ ક્રાઉનના નામે જારી થાય છે.

(3) બ્રિટિશ પાસપોર્ટ પર લખેલુ હોય છે કે "બ્રિટનના મહારાણી તરફથી સેક્રેટરી ઓફ સ્ટેટ તમને અનુરોધ કરે છે કે પાસપોર્ટ ધારકને કોઈ અવરોધ કે મુશ્કેલી વિના પસાર થવા દો અને તેને એ પ્રકારની તમામ સહાય અને સુરક્ષા પ્રદાન કરો કે જે જરૂરી છે."

(4) ઓસ્ટ્રેલિયા, કેનેડા અને ન્યૂઝીલેન્ડના પાસપોર્ટમાં પણ આવુ લખેલુ હોય છે. વિવિધ સમારંભોમાં પણ સંબોધનનો શબ્દ <u>'ધ ક્વીન'</u> ને સ્થાને <u>'ધ કિંગ'</u> થઈ જશે.

(5) બ્રિટનમાં સત્તાવાર વર્તુળોમાં મહારાણીના મૃત્યુને <u>'ઓપરેશન લંડન બ્રિજ'</u> તરીકે ઓળખવામાં આવે છે. તે એક પ્રકારનો પ્રોટોકલ છે. જે રાણી એલિઝાબેથના મૃત્યુ પછી અમલી બન્યો હતો.

(6) પરંતુ આ પ્રોટોકલની કેટલીક વિશેષ જોગવાઈ પણ છે. તે પ્રોટોકલ મુજબ સમ્રાટ કે મહારાણીનું મૃત્યુ સ્કોટલેન્ડમાં થાય તો પ્રોટોકલ મુજબ તેને <u>'ઓપરેશન યુનિકોર્ન'</u> કહેવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




1. તાજેતરમાં બ્રિટનના મહારાણી એલિઝાબેથ દ્વિતીયનું 96 વર્ષની વયે નિધન થયું છે. તેમણે કેટલા વર્ષ સુધી શાસન કર્યુ છે ?

(A) 65 (B) 70 (C) 80 (D) 93 **(B)**

---

2. તાજેતરમાં બ્રિટનના મહારાણી એલિઝાબેથ દ્વિતીયનું નિધન થયું છે. હવે પછી શાસન તેમના સૌથી મોટા પુત્ર પ્રિન્સ ઓફ વેલ્સ ચાર્લ્સને સોંપવામાં આવ્યું છે. તેઓ કિંગ બન્યાની સાથે તેમને કયા નામથી ઓળખવામાં આવશે ?

(A) કિંગ ચાર્લ્સ II (B) કિંગ્સ ચાર્લ્સ III

(C) કિંગ ચાર્લ્સ IV (D) કિંગ્સ ચાર્લ્સ I **(B)**

---

3. તાજેતરમાં બ્રિટનના મહારાણી એલિઝાબેથ IIનું નિધન થયું છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેમનો જન્મ 21 એપ્રિલ, 1926ના રોજ ઈંગ્લેન્ડના લંડન ખાતે થયો હતો.
2. તેમના પિતા કિંગ જ્યોર્જ VI હતા.
3. કોમન વેલ્થ દેશોમાં શાંતિ સ્થાપવા બદલ તેમને વર્ષ 2007માં 'નોબેલ શાંતિ પુરસ્કાર' એનાયત થયો હતો.
4. તેમનું મૂળનામ એલિઝાબેથ એલેક્ઝાન્ડ્રા મેરી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2 અને 4 **(D)**

---

4. બ્રિટનના રાણી એલિઝાબેથ દ્વિતીયનો રાજ્યાભિષેક ક્યારે થયો હતો ?

(A) 2 જૂન, 1947 (B) 2 જૂન, 1953 (C) 2 જૂન, 1955 (D) 2 જૂન, 1957 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 12 સપ્ટેમ્બર, દક્ષિણ-દક્ષિણ સહયોગ માટે આંતરરાષ્ટ્રીય દિવસ (International Day for South-South Cooperation)

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 12 સપ્ટેમ્બરના રોજ 'દક્ષિણ–દક્ષિણ સહયોગ માટે આંતરરાષ્ટ્રીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસ વિકાસશીલ દેશો વચ્ચે સહયોગ માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કરવામાં આવેલા પ્રયાસોને પ્રકાશિત કરે છે.
- તે દક્ષિણ ક્ષેત્રમાં સ્થિત દેશોના આર્થિક, સામાજિક અને રાજકીય વિકાસ માટે એક પહેલ છે.
- મૂળભૂત રીતે દક્ષિણ–દક્ષિણ સહકાર વૈશ્વિક દક્ષિણમાં વિકાસશીલ દેશો વચ્ચે 'તકનીકી સહકાર'નો સંદર્ભ આપે છે.

## ઓપરેશન 'ગિયર બોક્સ' (Operation Gear Box)

તાજેતરમાં ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI)એ હેરોઈનની દાણચોરીને રોકવા માટે ઓપરેશન 'ગિયર બોક્સ' શરૂ કર્યુ હતું.

- જેમાં કોલકાતા બંદર પરથી 39.5 કિલો પ્રતિબંધિત પદાર્થ જપ્ત કરવામાં આવ્યો હતો.
- હેરોઈનની તપાસ કરવામાં આવી હતી અને નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટની જોગવાઈ હેઠળ જપ્ત કરવામાં આવી હતી.

Lorem ipsum

### ઓપરેશન 'ગિયર બોક્સ'



ગિયર બોક્સ/કન્ટેનરમાં છુપાયેલી દવાઓ શોધવા માટે ઓપરેશન ગિયર બોક્સ શરૂ કરવામાં આવ્યું છે.

- જૂના અને વપરાયેલા ગિયર બોક્સને ખોલ્યા બાદ ત્યાંથી ગિયર હટાવીને તે જગ્યાએ નશીલા પદાર્થો ધરાવતા પ્લાસ્ટિકના પેકેટો મુકવામાં આવ્યા હતા. અને ચેકિંગ ન થાય તે માટે ગિયર બોક્સને ફરીથી ફીટ કરવામાં આવ્યું હતું.
- ડ્રગ સિન્ડિકેટ હેરોઈનને છૂપાવવા માટે અનોખી પદ્ધતિનો ઉપયોગ કરે છે.
- આ પેકેટો અન્ય ધાતુના સ્ક્રેપની અંદર છુપાયેલા ધાતુના સ્ક્રેપ સાથે મોકલવામાં આવ્યા હતા જેથી સત્તાવાળાઓનું ધ્યાન ન જાય.

## ભારતમાં ડ્રગનો ઉપયોગ

ભારતના યુવાનોમાં માદક દ્રવ્યોનું વ્યસન ઝડપથી ફેલાઈ રહ્યું છે.

- ભારત વિશ્વના બે સૌથી મોટા અફીણ ઉત્પાદક પ્રદેશો વચ્ચે આવેલું છે.
- એટલે કે એક તરફ 'ગોલ્ડન ત્રિકોણ' (ગોલ્ડન ટ્રાયેન્ગલ) અને બિજી તરફ 'ગોલ્ડન ક્રિસેન્ટ' આવેલ છે.
- 'ગોલ્ડન ટ્રાયેન્ગલ' પ્રદેશમાં થાઈલેન્ડ, મ્યાનમાર, વિયેતનામ અને લાઓસનો સમાવેશ થાય છે.
- 'ગોલ્ડન ક્રેસન્ટ' ક્ષેત્રમાં પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ઈરાનનો સમાવેશ થાય છે.
- વર્લ્ડ ડ્રગ રિપોર્ટ 2021 મુજબ પ્રિસ્ક્રિપ્શન દવાઓ અને તેના ઘટકો ભારતમાં વધુને વધુ મનોરંજનના ઉપયોગમાં રૂપાતંરિત થઈ રહ્યા છે.
- ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના 'ક્રાઈમ ઈન ઈન્ડિયા–2020' રિપોર્ટ અનુસાર NDPS એક્ટ હેઠળ કુલ 59,806 કેસ નોંધાયા હતા.
- સામાજિક ન્યાય મંત્રાલય અને ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS) દ્વારા વર્ષ 2019માં પદાર્થના દુરુપયોગના પ્રમાણ પર જાહેર કરાયેલા અહેવાલ મુજબ :

  (a) ભારતમાં 3.1 કરોડ ભાંગ (ગાંજા)ના વપરાશકર્તાઓ છે. (જેમાંથી 25 લાખ આશ્રીત વપરાશકર્તા હતા.)

  (b) ભારતમાં 2.3 કરોડ ઓપિયોઈડ વપરાશકર્તા છે. (જેમાંથી 28 લાખ આશ્રીત વપરાશકર્તા હતા.)
- પંજાબ, આસામ, દિલ્હી, હરિયાણા, મણિપુર, મિઝોરમ, સિક્કિમ અને ઉત્તરપ્રદેશ જેવા રાજ્યો અહેવાલમાં કુલ અંદાજિત ડ્રગ કેસોમાં અડધાથી વધુ હિસ્સો ધરાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ડ્રગના ઉપયોગના મુખ્ય કારણો

ડ્રગના ઉપયોગના કારણો નીચે મુજબ છે :

(1) ઉચ્ચ વર્ગ દ્વારા તેના વપરાશની સ્વીકૃતિ

(2) આર્થિક તણાવમાં વધારો

(3) સાંસ્કૃતિક મૂલ્યોમાં પરિવર્તન

(4) નશા માટે સેવન કરવું

(5) ન્યુરોટિક આનંદ

(6) બિનઅસરકારક પોલીસિંગ સિસ્ટમ

## અસરો

અકસ્માતો, ઘરેલું હિંસાના બનાવો, તબીબી સમસ્યાઓ અને મૃત્યુનું ઉચ્ચ જોખમ.

- તે આર્થિક નુકસાનમાં વધારો કરે છે.
- તે કુટુંબ અને મિત્રો સાથેના સંબંધોને અસર કરતી ભાવનાત્મક અને સામાજિક સમસ્યાઓનું કારણ બને છે.
- ડ્રગનો ઉપયોગ આપણા સ્વાસ્થ્ય, સલામતી, શાંતિ અને વિકાસને ગંભીર અસર કરે છે.
- જેને કારણે હેપેટાઈટીસ બી અને સી, ટ્યૂબરક્યુલોસીસ જેવા રોગમાં વધારો થઈ રહ્યો છે.
- પદાર્થની અવલંબન ઓછી આત્મસન્માન, નિરાશા, ગુનાહિત કાર્યવાહી અને આત્મહત્યાની વૃત્તિઓ તરફ દોરી શકે છે.

નોંધ: (1) નાર્કો–કોઓર્ડિનેશન સેન્ટર (NCORD)ની રચના નવેમ્બર, 2016માં કરવામાં આવી હતી. અને રાજ્યમાં 'નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો'ને મદદ કરવા માટે 'નાર્કો–કોર્ડિનેશન યોજના'ને પુનર્જીવિત કરવામાં આવી હતી.

(2) નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ (NDPS), 1985 એ માદક પદાર્થ અથવા સાયકોટ્રોપિક પદાર્થના કોઈપણ વ્યક્તિ દ્વારા ઉત્પાદન, વેચાણ, ખરીદી, પરિવહન, સંગ્રહ અને વપરાશને પ્રતિબંધિત કરે છે.

## ડ્રગના જોખમના નિયંત્રણ માટે આંતરરાષ્ટ્રીય સંધિઓ અને સંમેલનો

ભારત ડ્રગના જોખમોનો સામનો કરવા માટે નીચેની આંતરરાષ્ટ્રીય સંધિઓ અને સંમેલનો પર હસ્તાક્ષર કરનાર છે :

(1) નાર્કોટિક ડ્રગ્સ પર સંયુક્ત રાષ્ટ્ર (યુએન) કન્વેન્શન (1961)

(2) યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન સાયકોટ્રોપિક સબસ્ટન્સ (1971)

(3) નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સ (1988)ના ગેરકાયદેસર ટ્રાફિક સામે સંયુક્ત રાષ્ટ્ર સંમેલન

(4) યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન વિરુદ્ધ ટ્રાન્સનેશનલ ક્રાઈમ (UNTOC), 2000

# ભારતીય સેનાના પ્રમુખને નેપાળના આર્મી જનરલનો માનદ રેન્ક એનાયત કર્યો

તાજેતરમાં નેપાળની રાજધાની કાઠમંડુમાં રાષ્ટ્રપતિના સત્તાવાર નિવાસસ્થાન 'શીતલ નિવાસ' ખાતે એક વિશેષ સમારોહમાં ભારતીય સેના પ્રમુખ જનરલ શ્રી મનોજ પાંડેને નેપાળની મુલાકાત દરમિયાન નેપાળની સેનાના માનદ જનરલની પદવીથી નવાજવામાં આવ્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



- કમાન્ડર ઈન–ચીફ જનરલ <u>કે.એમ. કુરિઅપ્પા</u> <u>વર્ષ 1950</u>માં આ પદવી મેળવનાર પ્રથમ ભારતીય સેના પ્રમુખ હતા.
- આ અગાઉ <u>નવેમ્બર, 2021</u>માં નેપાળના આર્મી ચીફ જનરલ <u>શ્રી પ્રભુરામ શર્મા</u>ને 1950માં શરૂ થયેલી પરંપરાના ભાગરૂપે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા <u>'ભારતીય સેનાના જનરલ'</u>ના માનદ પદથી નવાજવામાં આવ્યા હતા.
- આ પ્રથા એકબિજાના દેશના સૈન્ય વડાઓને માનદ પદવીઓથી શણગારવાની સાત દાયકા જૂની પરંપરાને અનુસરે છે.
- જનરલ મનોજ પાંડે નેપાળની ચાર દિવસીય સત્તાવાર મુલાકાતે છે. આર્મી ચીફ તરીકે આ તેમની પ્રથમ નેપાળ મુલાકાત છે.
- નેપાળ ભારતનો એક મહત્વપૂર્ણ પાડોશી દેશ છે અને સદીઓથી ફેલાયેલા તેના ભૌગોલિક, ઐતિહાસિક, સાંસ્કૃતિક અને આર્થિક સંબંધોને કારણે તે આપણી વિદેશ નીતિમાં મહત્વ ધરાવે છે.
- આ ઉપરાંત ભારત અને નેપાળ હિન્દુ અને બૌદ્ધ ધર્મના સંદર્ભમાં સમાજ સંબંધો ધરાવે છે.



1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'દક્ષિણ–દક્ષિણ સહયોગ માટે આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 11 સપ્ટેમ્બર (B) 12 સપ્ટેમ્બર (C) 13 સપ્ટેમ્બર (D) 14 સપ્ટેમ્બર **(B)**

2. તાજેતરમાં ડિરોક્ટરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI)એ હેરોઈનની દાણચોરીને રોકવા માટે ઓપરેશન ................હાથ ધર્યુ હતું.

(A) ઓપરેશન ગિયર બોક્સ
(B) ઓપરેશન સંકલ્પ
(C) ઓપરેશન કાર બોક્સ
(D) ઓપરેશન એટેક **(A)**

3. તાજેતરના દિવસોમાં ભારતના યુવાનોમાં માદક દ્રવ્યોનું વ્યસન ઝડપથી ફેલાઈ રહ્યુ છે. એટલે કે ભારતમાં ડ્રગનો ઉપયોગ વધી રહ્યો છે. આ સંદર્ભે નીચેના વિધાનો ધ્યાનમાં લો ?

1. ભારત વિશ્વના બે સૌથી મોટા અફીણ ઉત્પાદક પ્રદેશો 'ગોલ્ડન ટ્રાયેન્ગલ' અને 'ગોલ્ડન ક્રિસેન્ટ' વચ્ચે આવેલ છે.
2. ગોલ્ડન ટ્રાયેન્ગલ પ્રદેશમાં થાઈલેન્ડ, મ્યાનમાર, વિયેતનામ અને લાઓસનો સમાવેશ થાય છે જ્યારે ગોલ્ડન ક્રેસન્ટમાં પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ઈરાનનો સમાવેશ થાય છે. જેમાંથી અફીણ અને માદક દ્રવ્યો વધુ સપ્લાય થાય છે.
3. ઉચ્ચ વર્ગ દ્વારા વપરાશની સ્વીકૃતિ, આર્થિક તણાવમાં વધારો, નશા માટે સેવન કરવું, ન્યુરોટિક આનંદ વગેરે જેવા કારણોના લીધે ભારતમાં ડ્રગનું સેવન વધ્યું છે.

ઉપરોક્ત કયા કારણો ભારતમાં ડ્રગના ઉપયોગ માટે જવાબદાર છે.

(A) ફક્ત 3 (B) ફક્ત 1 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

4. તાજેતરમાં કયા ભારતીય વ્યક્તિને નેપાળના આર્મી જનરલનો માનદ રેન્ક એનાયત કરવામાં આવ્યો હતો ?

(A) ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખરને
(B) ભારતના ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહને
(C) ભારતીય સેનાના પ્રમુખ શ્રી મનોજ પાંડેને
(D) ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહને **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પ્રોજેક્ટ 17A હેઠળ ત્રીજું સ્ટીલ્થ ફ્રિગેટ 'તારાગીરી' લોન્ચ કરવામાં આવ્યું

પ્રોજેક્ટ 17Aનું સ્ટીલ્થ ફ્રિગેટ 'તારાગીરી' તાજેતરમાં મુંબઈમાં મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ (MDL) દ્વારા લોન્ચ કરવામાં આવ્યું છે.

### તારાગીરીની મુખ્ય વિશેષતાઓ




તારાગીરીનું નામ ગઢવાલમાં સ્થિત હિમાલયની પર્વતમાળા પરથી પડ્યું છે.

- તારાગીરી પ્રોજેક્ટ 17A હેઠળ બનાવવામાં આવનાર ત્રીજું સ્ટીલ્થ યુદ્ધ જહાજ છે.
- 149 મીટર લાંબુ અને 17.8 મીટર પહોળુ આ જહાજ બે ગેસ ટર્બાઈન અને બે મુખ્ય ડીઝલ એન્જિનના સંયોજન દ્વારા સંચાલિત છે.
- તે 6670 ટનના વિસ્થાપન પર 28 નોટિકલ માઈલથી વધુની ઝડપ હાંસલ કરવા માટે રચાયેલ છે.
- જહાજ એક સંકલિત બાંધકામ પદ્ધતિનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યું છે જેમાં વિવિધ ભૌગોલિક સ્થળોએ બિલ્ડિંગ બ્લોક્સનો સમાવેશ થાય છે.
- આ જહાજમાં અત્યાધુનિક શસ્ત્રો, સેન્સર, એડવાન્સ એકશન ઈન્ફોર્મેશન સિસ્ટમ, ઈન્ટીગ્રેટેડ પ્લેટફોર્મ મેનેજમેન્ટ સિસ્ટમ, વર્લ્ડ કલાસ મોડ્યુલર, એક અત્યાધુનિક પાવર ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ અને અન્ય ઘણી સુવિધાઓ હશે.
- તે સરફેસ ટુ સરફેસ સુપરસોનિક મિસાઈલ સિસ્ટમથી સજ્જ હશે.
- જહાજની હવાઈ સંરક્ષણ ક્ષમતા ઊભી પ્રક્ષેપણ અને લાંબા અંતરની સપાટીથી હવામાં મિસાઈલ પ્રણાલીની આસપાસ ફરશે, જે દૂશ્મનના વિમાનો અને એન્ટિ–શિપ ક્રૂઝ મિસાઈલોના જોખમનો સામનો કરવા માટે રચાયેલ છે.
- આ જહાજને ભારતીય નૌકાદળની ઈન–હાઉસ ડિઝાઈન સંસ્થા બ્યુરો ઓફ નેવલ ડિઝાઈન દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યુ છે.

INSTITUTE FOR COMPETITIVE

## પ્રોજેક્ટ 17A શું છે ?

પ્રોજેક્ટ 17 આલ્ફા ફ્રિગેટ્સ (P-17A) ભારતીય નૌકાદળ દ્વારા વર્ષ 2019માં સ્ટીલ્થ ગાઈડેડ–મિસાઈલ ફ્રિગેટ્સની શ્રેણી બનાવવા માટે શરૂ કરવામાં આવ્યો હતો.

- આ પ્રોગ્રામ હેઠળ સાત જહાજો બનાવવામાં આવી રહ્યા છે.
- જેમાંથી 4 MDL (મંઝગાંવ ડોક્સ લિમિટેડ) દ્વારા અને 3 ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ લિમિટેડ (GRSE) દ્વારા બનાવવામાં આવી રહ્યા છે.
- આ માર્ગદર્શિત–મિસાઈલ ફ્રિગેટ્સ વિશિષ્ટ સ્ટીલ્થ ડિઝાઈન સાથે બાંધવામાં આવે છે, જે તેને દુશ્મનની નજરથી બચાવવા માટે રડાર ઈવેઝન ટેકનોલોજીનો સમાવેશ કરે છે.
- પ્રોજેક્ટ 17A હેઠળ શરૂ કરાયેલ પ્રથમ સ્ટીલ્થ જહાજ નીલગીરી હતું, જે વર્ષ 2019માં લોન્ચ કરવામાં આવ્યું હતું.

## દ્વારકા શારદાપીઠના જગદગુરુ શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીજી 99 વર્ષની વયે બ્રહ્મલીન થયા



શારદાપીઠ–દ્વારકા અને જ્યોર્તિમઠ– બદ્રીનાથના શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીજીનું 99 વર્ષની વયે નિધન થયું છે.

- મધ્યપ્રદેશના નરસિંહપુર જિલ્લાના જોતેશ્વરમાં આવેલા પરમહંસી ગંગા આશ્રમમાં અંતિમ શ્વાસ લીધા હતા.
- સ્વામી શંકરાચાર્ય લાંબા સમયથી બિમાર હતા.
- શંકરાચાર્ય સ્વરૂપાનંદજીએ દેશની આઝાદી માટે અંગ્રેજો સામેની લડાઈમાં પણ ભાગ લીધો હતો.

## શ્રી સ્વરૂપાનંદજી સરસ્વતી

શ્રી સ્વરૂપાનંદ સરસ્વતીજીનો જન્મ 2 સપ્ટેમ્બર, 1924ના રોજ મધ્યપ્રદેશના સિવની જિલ્લાના દિઘોરી ગામમાં થયો હતો.

- તેમના માતા–પિતાશ્રીએ તેમનું નામ પોથીરામ ઉપાધ્યાય રાખ્યું હતું.
- માત્ર 9 વર્ષની ઉંમરે તેમણે ઘર છોડીને ધર્મયાત્રા શરૂ કરી હતી.

- આ સમય દરમિયાન તેઓ કાશી પહોંચ્યા અને ત્યાં બ્રહ્મલીન સ્વામી કરપાત્રી મહારાજ પાસેથી વેદ–વેદાંગ અને શાસ્ત્રોનું શિક્ષણ લીધું હતું.
- વર્ષ 1942ના સમયગાળામાં તેઓ માત્ર 19 વર્ષના હતા ત્યારે 'ક્રાંતિકારી સાધુ' તરીકે પ્રસિદ્ધ થયા હતા.
- વર્ષ 1942માં હિંદ છોડો આંદોલન સમયે તેઓ પણ સ્વાતંત્ર્તા સંગ્રામમાં જોડાયા હતા.
- આ દરમિયાન તેમણે 9 મહિના વારાણસીની જેલમાં અને 6 મહિના મધ્યપ્રદેશની જેલમાં વિતાવ્યા હતા.
- સ્વામી સ્વરૂપાનંદજીને 1950માં દંડી સન્યાસી બનાવાયા હતા.
- જ્યોર્તિમઠ પીઠના બ્રહ્મલીન શંકરાચાર્યએ સ્વામી બ્રહ્માનંદ સરસ્વતી પાસેથી દંડ સન્યાસની દીક્ષા લીધી અને સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતી તરીકે ઓળખાયા.
- વર્ષ 1981માં તેમને શંકારચાર્યની પદવી મળી હતી.
- વર્ષ 1982માં તેઓ શારદાપીઠ દ્વારકાના શંકરાચાર્ય બન્યા હતા.
- નોંધનીય છે કે તેઓ જ્યોર્તિમઠ–બદ્રીનાથ અને શારદાપીઠ–દ્વારકા એમ બંનેના શંકરાચાર્ય હતા.

## શંકરાચાર્યની નિમણૂકની શરૂઆત ક્યારે થઈ ?

આ પદની શરૂઆત આદિ શંકરાચાર્યથી થઈ હોવાનું માનવામાં આવે છે.

- આદિ શંકરાચાર્યએ ભારતમા હિન્દુ ધર્મની એકતા માટે ભારતના ચાર ભાગોમાં ચાર મઠની સ્થાપના કરી હતી.
- ચાર મઠમાં મુખ્ય પદ ધરાવતા વ્યક્તિને શંકરાચાર્ય કહેવામાં આવે છે.
- આ મઠોની સ્થાપના કર્યા બાદ આદિ શંકરાચાર્યએ તેમના ચાર મુખ્ય શિષ્યોને ચાર મઠની ગાદી સંભાળવા આપી હતી.
- ત્યારથી આ ચાર મઠમાં શંકરાચાર્ય પદની પરંપરા ચાલી આવે છે.

**નોંધ:** મઠ એટલે કે જ્યાં તેમના શિષ્યોને શિક્ષણ ઉપદેશ વગેરે આપવાનું કામ કરે છે. તેને પીઠ પણ કહેવામાં છે.

## આદિ શંકરાચાર્ય વિશે


આદિ શંકરાચાર્યનો જન્મ કેરળના કોચી નજીક કલાદી નામના ગામમાં થયો હતો.

- તેમના માતાનું નામ આર્યઅંબા અને પિતા શિવગુરૂ હતા.
- તેમના ગુરૂ ગોવિન્દ યોગી હતા. તેમણે આદિ શંકરાચાર્યને 'પરમહંસ'ની ઉપાધી આપી હતી.
- તેમણે અદ્વૈતવાદનો સિદ્ધાંત રજૂ કર્યો હતો. તથા મહાભાષ્યની રચના કરી હતી.
- શંકરાચાર્યએ ભારતમાં ધર્મની એકતા માટે ભારતના ચાર ભાગોમાં ચાર મઠની સ્થાપના કરી હતી.
- શંકરાચાર્યને હિન્દુ ધર્મના પુનઃસ્થાપક કહેવામાં આવે છે.

**શંકરાચાર્યના ચાર મઠ**

| મઠ | સ્થાન |
|---|---|
| જ્યોર્તિ મઠ | બદ્રીકાશ્રમ (ઉત્તર ભારત) |
| વેદાંત મઠ | શ્રૃંગેરી (દક્ષિણ ભારત) |
| ગોવર્ધન મઠ | જગન્નાથ પુરી (પૂર્વ ભારત) |
| શારદા મઠ | દ્વારકા (પશ્ચિમ ભારત) |

## વર્લ્ડ ડેરી સમિટ 2022




તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઈન્ડિયા એક્સપો સેન્ટર એન્ડ માર્ટ, ગ્રેટર નોઈડામાં 'ઈન્ટરનેશનલ ડેરી ફેડરેશન વર્લ્ડ ડેરી સમીટ' (International Dairy Federation World Dairy Summit- IDF-WDS) 2022નું ઉદ્‌ઘાટન કર્યું હતું.

- ઈન્ટરનેશનલ ડેરી ફેડરેશન એ ડેરી ચેઈનના તમામ હિસ્સેદારો માટે વૈજ્ઞાનિક અને તકનીકી કુશળતાનો મુખ્ય સ્ત્રોત છે.
- 1903થી ડેરી નિષ્ણાતોના IDFના નેટવર્ક વિશ્વને સુરક્ષિત અને ટકાઉ ડેરી ઉત્પાદનો પ્રદાન કરવા માટે કેવી રીતે મદદ કરવી તે અંગે વૈશ્વિક સર્વસંમતિ સુધી પહોંચવા માટે ડેરી ક્ષેત્ર માટે એક પદ્ધતિ પ્રદાન કરી છે.
- IDF વર્લ્ડ ડેરી સમિટ એ વૈશ્વિક ડેરી સેક્ટરની વાર્ષિક બેઠક છે, જેમાં વિશ્વભરમાંથી આશરે 1500 સહભાગીઓને એકસાથે લાવવામાં આવે છે.
- આ વર્ષની થીમ 'પોષણ અને આજીવિકા માટે ડેરી' છે.
- IDF વર્લ્ડ ડેરી સમિટ ઉદ્યોગોના નિષ્ણાતોને સુરક્ષિત અને ટકાઉ ડેરી સાથે વિશ્વના સંવર્ધનમાં આ ક્ષેત્ર કેવી રીતે યોગદાન આપી શકે છે તેના પર જ્ઞાન અને વિચારો શેર કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડશે.
- સહભાગીઓને વ્યાપક અર્થમાં વૈશ્વિક ડેરી ક્ષેત્ર સાથે સંબંધિત નવીનતમ સંશોધન તારણો અને અનુભવો પર જ્ઞાન મેળવવાની તક મળશે.

1. તાજેતરમાં સ્ટીલ્થ ફ્રિગેટ 'તારાગીરી' તાજેતરમાં મુંબઈમાં 'મંઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ' (MDL) દ્વારા લોન્ચ કરવામાં આવ્યું છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું નામ ગઢવાલમાં સ્થિત હિમાલયની પર્વતમાળા પરથી પડ્યું છે.
2. આ જહાજ પ્રોજેક્ટ 17A હેઠળ બનાવવામાં આવેલ સ્ટીલ્થ યુદ્ધ જહાજ છે.
3. આ જહાજના નિર્માણમાં HCL અને L&Tનો મુખ્ય ફાળો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 **(B)**

2. તાજેતરમાં શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીજીનું નિધન થયું છે તેઓ કયા મઠના શંકરાચાર્ય હતા ?

(A) જ્યોર્તિ મઠ– બદ્રીકાશ્રમ (ઉત્તર ભારત) (B) વેદાંત મઠ– શ્રૃંગેરી (દક્ષિણ ભારત)
(C) શારદા મઠ– દ્વારકા (પશ્ચિમ ભારત) (D) (A) અને (C) બંનેના **(D)**

3. તાજેતરમાં શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીજીનું નિધન થયું છે. તેમના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેમનો જન્મ મધ્યપ્રદેશના સિવની જિલ્લાના દિઘોરી ગામમાં થયો હતો.
2. તેમના બાળપણનું નામ પોથીરામ ઉપાધ્યાય હતું.
3. તેઓ ક્રાંતિકારી સાધુ તરીકે પણ પ્રસિદ્ધ હતા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

4. આદિ શંકરાચાર્ય દ્વારા સ્થાપિત 'શારદા મઠ' કયા સ્થળે આવેલ છે ?

(A) ઉજ્જૈન (B) દ્વારકા (C) શ્રૃંગેરી (D) જગન્નાથપુરી **(B)**

5. તાજેતરમાં 'ઈન્ટરનેશનલ ડેરી ફેડરેશન વર્લ્ડ ડેરી સમિટ' (IDF-WDS) 2022 કયાં યોજાઈ હતી ?

(A) ગ્રેટર નોઈડા (B) પ્રયાગરાજ (C) મુંબઈ (D) ગાંધીનગર **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 14 સપ્ટેમ્બર, હિન્દી દિવસ




ભારતમાં દર વર્ષે 14 સપ્ટેમ્બરના રોજ 'હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં 14 સપ્ટેમ્બર, 1949ના રોજ બંધારણ સભાએ સર્વાનુમતે એ નિર્ણય કર્યો હતો કે, હિન્દી જ ભારતની રાજભાષા હશે.
- આ નિર્ણયના મહત્ત્વને પ્રસ્તુત કરવા માટે તથા દરેક ક્ષેત્રમાં હિન્દીનો વ્યાપ વધારવા માટે 14 સપ્ટેમ્બરના રોજ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ માટે રાષ્ટ્રીય ભાષા પ્રચાર સમિતિ, વર્ધાની વિનંતીથી વર્ષ 1953થી સમગ્ર ભારતમાં 14 સપ્ટેમ્બર 'હિન્દી દિવસ' તરીકે ઉજવાય છે.


નોંધ : (1) વર્ષ 1918માં યોજાયેલા હિન્દી સાહિત્ય સંમેલનમાં મહાત્મા ગાંધીજીએ હિન્દી ભાષાને ભારતની 'રાષ્ટ્રભાષા' બનાવવાનું જણાવ્યું હતું. તેમણે હિન્દીને 'જનમાનસ'ની ભાષા ગણાવી હતી.

(2) ભારતીય બંધારણના ભાગ–17ના અનુચ્છેદ 343(1) અનુસાર સંઘની રાજભાષા 'હિન્દી' અને લિપિ 'દેવનાગરી' હશે.

(3) જોકે, ભારતમાં 'હિન્દી' ભાષાને રાજભાષાનો દરજ્જો અપાતા બિન–હિન્દી ભાષાના રાજ્યના લોકોએ તેનો વિરોધ કર્યો હતો. આથી, ભારતમાં અંગ્રેજીને પણ 'રાજભાષા'નો દરજ્જો આપવામાં આવ્યો છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## US Open ટેનિસ ટુર્નામેન્ટ 2022



તાજેતરમાં 29 ઓગસ્ટથી, 11 સપ્ટેમ્બર, 2022 દરમિયાન અમેરિકાના ન્યુયોર્ક ખાતે 142મી US Open ટેનિસ ચેમ્પિયનશિપનું આયોજન થયું હતું.

- જેમાં સ્પેનના શ્રી કાર્લોસ અલ્કારાઝે નોર્વેના શ્રી કેસ્પર રુડને પરાજય આપીને 'મેન્સ સિંગલ્સ'નું ટાઈટલ જીતી લીધુ છે.
- આ સાથે શ્રી કાર્લોસ અલ્કારાઝે પોતાનો પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ખિતાબ જીત્યો છે.
- આ જીતની સાથે શ્રી કાર્લોસ અલ્કારાઝે ઈતિહાસ પણ રચ્યો છે. તેઓ એટીપી રેન્કિંગમાં પ્રથમ સ્થાને પહોંચનાર સૌથી યુવા ખેલાડી બની ગયા છે.

- જ્યારે 'વિમેન્સ સિંગલ્સ' સ્પર્ધામાં પોલેન્ડના સુશ્રી ઈગા સ્વિયાતેક (Iga Swiatek)એ ટ્યૂનેશિયાના સુશ્રી ઓન્સ જાબેરને પરાજય આપીને 'વિમેન્સ સિંગલસ'નું ટાઈટલ જીતી લીધુ છે.
- સુશ્રી ઈગા સ્વિયાતેકે યુ.એસ. ઓપન ટાઈટલ જીતનારા પોલેન્ડના પ્રથમ મહિલા ખેલાડી છે. તેમણે તેમની કારકિર્દીમાં અત્યાર સુધીમાં ત્રણ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ સહિત 10 ટાઈટલ જીત્યા છે.

નોંધ : (1) નોંધનીય છે કે અત્યાર સુધી યુએસ ઓપનમાં સૌથી નાની વયનો રેકોર્ડ ફક્ત પીટ સામ્પ્રાસના નામે જ હતો તેમણે 19 વર્ષની વયે 1990માં યુ.એસ ઓપનનો ખિતાબ જીત્યો હતો.

(2) આમ 19 વર્ષની વયે યુ.એસ ઓપન જીતવાનો અને વર્લ્ડ નંબર–1 બનવા માટે શ્રી કાર્લોસ અલ્કારાઝે પીટ સામ્પ્રાસની બરોબરી કરી લીધી છે.

## US Open 2022 વિજેતા ખેલાડી

| ક્રમ | ટાઈટલ | વિજેતા | કોને હરાવીને |
|---|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | શ્રી કાર્લોસ અલ્કારાઝ (સ્પેન) | શ્રી કેસ્પર રુડ (નોર્વે) |
| 2 | વિમેન્સ સિંગલ્સ | સુશ્રી ઈગા સ્વિયાતેક (પોલેન્ડ) | સુશ્રી ઓન્સ જાબેર (ટ્યૂનેશિયા) |
| 3 | મેન્સ ડબલ્સ | શ્રી રાજીવ રામ (અમેરિકા)<br>શ્રી જો સેલિસ બરી (બ્રિટન) | શ્રી વેસ્લી કૂલહોફ (નેધરલેન્ડ)<br>શ્રી નીલ સ્કુપ્સકી (બ્રિટન) |
| 4 | વિમેન્સ ડબલ્સ | સુશ્રી બાર્બોરા ક્રેજિકોવા (ચેક રિપબ્લિક)<br>સુશ્રી કેટરિના સિન્યા કોવા (ચેક રિપબ્લિક) | સુશ્રી કેટી મેકનૈલી (અમેરિકા)<br>સુશ્રી ટેલર ટાઉનસેન્ડ (અમેરિકા) |
| 5 | મિક્સ ડબલ્સ | સુશ્રી સ્ટોમ સેન્ડર્સ (ઓસ્ટ્રેલિયા)<br>શ્રી જ્હોન પીયર્સ (ઓસ્ટ્રેલિયા) | સુશ્રી કર્સ્ટન ફિલિપકેન્સ (બેલ્જિયમ)<br>શ્રી એડવર્ડ રોજર વેસેલિન (ફ્રાન્સ) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ

- ટેનિસની રમતની ચાર સૌથી મોટી ટુર્નામેન્ટમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :

(1) ઓસ્ટ્રેલિયન ઓપન

(2) ફ્રેન્ચ ઓપન

(3) વિમ્બલ્ડન

(4) યુ.એસ. ઓપન

- ટેનિસ રમતની આ ચારેય સૌથી મોટી ટુર્નામેન્ટ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ તરીકે ઓળખાય છે.

## કઈ ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ ક્યારે યોજાય છે ?

| ક્રમ | ટુર્નામેન્ટ | ક્યારે યોજાય છે ? | ક્યાં યોજાય છે ? | પ્રારંભ | કયા કોર્ટ પર રમાય છે ? |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયન ઓપન | જાન્યુઆરી | મેલબોર્ન | 1905 | હાર્ડકોર્ટ |
| 2 | ફ્રેન્ચ ઓપન | મે/જૂન | પેરિસ | 1891 | ક્લેકોર્ટ |
| 3 | વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ | જૂન/જુલાઈ | લંડન | 1877 | ગ્રાસકોર્ટ |
| 4 | યુ. એસ. ઓપન | ઓગસ્ટ/ સપ્ટેમ્બર | ન્યુયોર્ક | 1881 | હાર્ડકોર્ટ |

- યુએસ ઓપન એ દર વર્ષે વર્ષના અંતે યોજાતી વર્ષની ચોથી અને અંતિમ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- યુ.એસ ઓપન એ હાર્ડકોર્ટ પર રમાતી ટેનિસ ટુર્નામેન્ટ છે.
- ફ્રેન્ચ ઓપન એ ક્લેકોર્ટ પર રમાય છે.
- ઓસ્ટ્રેલિયન ઓપન એ દર વર્ષે વર્ષના પ્રારંભે યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- વિમ્બલ્ડન એ સૌથી જૂની ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.

નોંધ : (1) ટેનિસનું મેદાન કોર્ટ તરીકે ઓળખાય છે.


(2) ટેનિસ ઉપરાંત કબડ્ડી, વોલીબોલ, હેન્ડબોલ, બેડમિન્ટન, નેટબોલ, ખો–ખો વગેરેનું મેદાન પણ કોર્ટ તરીકે જ ઓળખાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## એશિયા કપ 2022 : શ્રીલંકાનો વિજય

તાજેતરમાં 27 ઓગસ્ટથી 11 સપ્ટેમ્બર, 2022 દરમિયાન યુનાઈટેડ આરબ અમિરાત (UAE) ખાતે એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયું હતું.

- આ એશિયા કપની 15મી ટુર્નામેન્ટ હતી તથા આ ટુર્નામેન્ટ T-20 ફોર્મેટ તરીકે યોજાઈ હતી.
- જેમાં પાકિસ્તાનને પરાજય આપીને શ્રીલંકાએ આ ટુર્નામેન્ટ છઠ્ઠી વખત જીતી લીધી છે.
- શ્રીલંકા અને પાકિસ્તાન વચ્ચેની આ ફાઈનલ મેચ દુબઈના 'દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ'માં યોજાઈ હતી.
- એશિયા કપની આ ફાઈનલ મેચમાં શ્રીલંકાના ક્રિકેટર શ્રી ભાનુકા રાજપક્ષે 'મેન ઓફ ધ મેચ' જાહેર થયા હતા.
- જ્યારે આ ટુર્નામેન્ટમાં 9 વિકેટ ઝડપીને શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર શ્રીલંકાના ક્રિકેટર શ્રી વાનિન્દુ હસરંગા 'મેન ઓફ ધ સિરિઝ' જાહેર થયા હતા.
- આ ટુર્નામેન્ટમાં ભારત, પાકિસ્તાન, હોંગકોંગ, અફઘાનિસ્તાન, શ્રીલંકા અને બાંગ્લાદેશ એમ છ ટીમોએ ભાગ લીધો હતો.




નોંધ: (1) મૂળરૂપે આ ટુર્નામેન્ટ સપ્ટેમ્બર 2020માં યોજાવાની હતી. પરંતુ કોવિડ–19 મહામારીને કારણે મુલતવી રાખવામાં આવી હતી.

(2) ત્યારબાદ જૂન 2021માં શ્રીલંકામાં યોજવાનું પુનઃસુનિશ્ચિત કરવામાં આવ્યું હતું. પરંતુ ફરીથી તે સ્થગિત કરવામાં આવી હતી.

(3) ત્યારબાદ શ્રીલંકામાં વધતી આર્થિક કટોકટીને કારણે ટુર્નામેન્ટ યુ.એ.ઈ.માં ખસેડવામાં આવી હતી.

(4) એશિયા કપ 2022ની તમામ મેચો યુ.એ.ઈ.માં યોજાઈ હોવી છતા શ્રીલંકા ક્રિકેટ (SLC)એ ટુર્નામેન્ટના યજમાન અધિકારો જાળવી રાખ્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## એશિયા કપ 2022માં સૌથી વધુ રન

એશિયા કપ 2022માં સૌથી વધુ રન પાકિસ્તાનના ક્રિકેટર મોહમ્મદ રિઝવાને ફટકાર્યા હતા. તેમણે કુલ 281 રન ફટકાર્યા હતા.

- ત્યારબાદ ભારતના શ્રી વિરાટ કોહલીએ 276 રન ફટકાર્યા હતા.

## એશિયા કપ 2022માં સૌથી વધુ વિકેટ

એશિયા કપ 2022માં સૌથી વધુ વિકેટ ભારતના શ્રી ભુવનેશ્વર કુમારે ઝડપી હતી. તેમણે આ ટુર્નામેન્ટમાં કુલ 11 વિકેટ ઝડપી હતી.

- ત્યારબાદ શ્રીલંકાના શ્રી વાનિન્દુ હસરંગાએ 9 વિકેટ ઝડપી હતી.

નોંધ: (1) એશિયા કપ 2022ની વિજેતા ટીમ શ્રીલંકાના કેપ્ટન શ્રી દાસુન શાનકા હતા.

(2) જ્યારે ભારતની ટીમના કેપ્ટન શ્રી રોહિત શર્મા હતા.

## એશિયા કપ

એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ વર્ષ 1984થી થયો હતો.

- સામાન્ય રીતે દર બે વર્ષે આ ટુર્નામેન્ટ યોજાય છે.
- અત્યાર સુધીમાં સૌથી વધુ સાત વખત ભારતે આ ટુર્નામેન્ટ જીતી છે.
- ભારત બાદ શ્રીલંકાએ આ ટુર્નામેન્ટ છ વખત જીતી છે.
- વર્ષ 2014 સુધી આ ટુર્નામેન્ટ વન–ડે ફોર્મેટમાં યોજાતો હતો.
- ત્યારબાદ વર્ષ 2015માં એશિયન ક્રિકેટ કાઉન્સિલનું કદ ઘટાડયા પછી ICC દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે એશિયા કપ ઈવેન્ટ્સ આગામી વર્લ્ડ ઈવેન્ટ્સના ફોર્મેટના આધારે વન–ડે અને T-20 ફોર્મેટમાં રોટેશન આધારે રમાશે.
- વર્ષ 2016ની ઈવેન્ટ T-20 ફોર્મેટમાં રમાયેલી પ્રથમ ઈવેન્ટ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. ભારતમાં કયો દિવસ 'હિન્દી દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) 10 સપ્ટેમ્બર (B) 11 સપ્ટેમ્બર (C) 12 સપ્ટેમ્બર (D) 14 સપ્ટેમ્બર **(D)**

2. ભારતમાં બંધારણ સભા દ્વારા હિન્દીને 'રાજભાષા'નો દરજ્જો ક્યારે આપવામાં આવ્યો હતો ?

(A) 14 સપ્ટેમ્બર, 1947 (B) 14 સપ્ટેમ્બર, 1948

(C) 14 સપ્ટેમ્બર, 1949 (D) 14 સપ્ટેમ્બર, 1950 **(C)**

3. 'US Open ટેનિસ ટુર્નામેન્ટ 2022'માં 'મેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ જણાવો ?

(A) શ્રી રોજર ફેડરર (B) શ્રી કાર્લોસ અલ્કારાઝ

(C) શ્રી નિક કિર્ગીયોસ (D) શ્રી નોવાક જોકોવિચ **(B)**

4. 'US Open ટેનિસ ટુર્નામેન્ટ 2022'માં 'મેન્સ સિંગલ્સ'નું ટાઈટલ જીતનાર શ્રી કાર્લોસ અલ્કારાઝના દેશનું નામ જણાવો ?

(A) સ્વિત્ઝર્લેન્ડ (B) સ્પેન (C) જર્મની (D) સર્બિયા **(B)**

5. 'US Open ટેનિસ ટુર્નામેન્ટ 2022'માં 'વિમેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ જણાવો ?

(A) સુશ્રી ઈગા સ્વિયાતેક (B) સુશ્રી ઓન્સ જાબેર

(C) સુશ્રી એલેના રાઈબકીના (D) સુશ્રી કેટરિના સિનેકોવા **(A)**

6. તાજેતરમાં 'એશિયા કપ 2022' (ક્રિકેટ ટુર્નામેન્ટ)નું આયોજન થયું હતું. જેમાં કઈ ટીમે આ ટુર્નામેન્ટ જીતી લીધી છે ?

(A) શ્રીલંકા (B) પાકિસ્તાન (C) અફઘાનિસ્તાન (D) ભારત **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**7.** એશિયા કપ 2022માં શ્રીલંકાએ કોને પરાજય આપીને આ ટુર્નામેન્ટ જીતી લીધી છે ?

(A) પાકિસ્તાન (B) ભારત (C) બાંગ્લાદેશ (D) અફઘાનિસ્તાન **(A)**

**8.** એશિયા કપ 2022ની શ્રીલંકા અને પાકિસ્તાન વચ્ચેની ફાઈનલ મેચ કયા સ્ટેડિયમમાં રમાઈ હતી ?

(A) શારજાહ ક્રિકેટ એસોશિયેશન સ્ટેડિયમ (B) દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ

(C) દુબઈ ક્રિકેટ કાઉન્સિલ ગ્રાઉન્ડ (D) શેખ ઝાયેદ ક્રિકેટ સ્ટેડિયમ **(B)**

**9.** એશિયા કપ 2022ની ફાઈનલ મેચમાં 'મેન ઓફ ધ મેચ' અથવા તો 'પ્લેયર ઓફ ધ મેચ' એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) શ્રી શાદાબ ખાન (B) શ્રી ધનંજય ડી સિલવા

(C) શ્રી નસીમ શાહ (D) શ્રી ભાનુકા રાજપક્ષે **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**10.** એશિયા કપ 2022માં 'મેન ઓફ ધ સિરીઝ' અથવા તો 'પ્લેયર ઓફ ધ સિરીઝ' એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) શ્રી વાનિન્દુ હસરંગા (B) શ્રી શાદાબ ખાન


(C) શ્રી દાસુન શનાકા (D) શ્રી હસન અલી **(A)**

**5.** એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ ક્યારથી થયો હતો ?

(A) 1982 (B) 1984 (C) 1986 (D) 1988 **(B)**

**દિવસ મહિમા : 15 સપ્ટેમ્બર,** (1) **એન્જિનિયર દિવસ (Engineer's Day)**
(2) **આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ (International Day of Democracy)**
(3) **વિશ્વ લિમ્ફોમા જાગૃતિ દિવસ (World Lymphoma Awarness Day)**

## એન્જિનિયર દિવસ




વિશ્વના વિવિધ દેશોમાં જુદા-જુદા દિવસે 'એન્જિનિયર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં 15 સપ્ટેમ્બરના રોજ 'એન્જિનિયર દિવસ' ઉજવાય છે.
- ભારતના મહાન સિવિલ એન્જિનિયર શ્રી એમ.વિશ્વેશ્વરૈયાની યાદમાં તેમનો જન્મદિન 15 સપ્ટેમ્બર ભારતમાં દર વર્ષે 'એન્જિનિયર દિવસ' તરીકે ઉજવાય છે.
- શ્રી એમ.વિશ્વેશ્વરૈયાનું પૂરું નામ સર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયા છે.
- તેઓ Sir MV તરીકે પ્રસિદ્ધ હતા.
- તેમનો જન્મ 15 સપ્ટેમ્બર, 1860ના રોજ વર્તમાન કર્ણાટકના ચિક્કાબાલાપુર જિલ્લાના મુદ્દેનાહલ્લી ખાતે થયો હતો.
- તેઓ 1912થી 1919 દરમિયાન મૈસૂર રાજ્યના દિવાન પણ રહ્યા હતા.
- તેમને 1955માં ભારતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ભારત રત્ન' એનાયત થયો હતો.

નોંધ : (1) ભારતના તેલંગાણામાં હૈદરાબાદના પ્રસિદ્ધ એન્જિનિયર શ્રી અલી નવાઝ જંગ બહાદુરની યાદમાં તેમનો જન્મ દિન 11 જુલાઈ 'Telangana Engineer's Day' તરીકે ઉજવાય છે.

(2) સર એમ.વિશ્વેશ્વરૈયાની યાદમાં 15 સપ્ટેમ્બરના રોજ માત્ર ભારતમાં જ નહિ પરંતુ ભારત ઉપરાંત શ્રીલંકા અને તાન્ઝાનિયામાં પણ 'એન્જિનિયર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

(3) યુનેસ્કો દ્વારા દર વર્ષે 4 માર્ચના રોજ 'World Engineer's Day' ઉજવાય છે.

INSTITUTE FOR

## આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ

સમગ્ર વિશ્વમાં લોકશાહી મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે 15 સપ્ટેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્રની મહાસભા દ્વારા 8 નવેમ્બર, 2007ના રોજ આ દિવસની સૌપ્રથમ વખત ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 2008માં આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2022ની આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસની થીમ 'Protecting Press Freedom for Democracy' છે.

નોંધ : વસતીની દષ્ટિએ ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે.

## કિબિથુ મિલિટરી પોસ્ટનું નામ જનરલ બિપિન રાવતના નામ પરથી રાખવામાં આવ્યું

ચીન સાથેની વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર લોહિત ખીણ નજીક અરૂણાચલપ્રદેશમાં એક મિલિટરી સ્ટેશન અને મુખ્ય માર્ગનું નામ દેશના પ્રથમ CDS જનરલ બિપિન રાવતના નામ પરથી રાખવામાં આવ્યું છે.

- કિબિથુ એ ભારતના પૂર્વ ભાગમાં લોહિત ખીણના કિનારે એક નાનકડુ ગામ છે.
- સૈન્ય અને વ્યૂહાત્મક દષ્ટિકોણથી કિબિથુ એક મહત્વપૂર્ણ સ્થળ માનવામાં આવે છે.
- જનરલ શ્રી બિપિન રાવતે 1999-2000 સુધી કર્નલ તરીકે કિબિથુ ખાતે તેમની બટાલિયન 5/11 ગોરખા રાઈફલ્સને કમાન્ડ કરી હતી અને પ્રદેશના સુરક્ષા માળખાને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યુ હતું.
- અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી શ્રી પેમા ખાંડુએ વાલોંગથી કિબિથુ સુધીના 22 કિલોમીટર લાંબા રસ્તાને 'જનરલ બિપિન રાવત માર્ગ' નામ આપ્યું છે.



## બાયો-ઈથેનોલ પ્રોજેક્ટ : ક્રિભકો-હજીરા (સુરત)

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે 14 સપ્ટેમ્બરના રોજ ગુજરાતમાં સુરતના હજીરા ખાતે 'કૃષક ભારતી કોઓપરેટિવ લિમિટેડ' (KRIBHCO)ના બાયો–ઈથેનોલ પ્રોજેક્ટ ક્રિભકો હજીરાનો શિલાયન્સ કર્યો હતો.

- આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય રેલવે રાજ્યમંત્રી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.
- ક્રિભકોના બાયો–ઈથોનોલ પ્રોજેક્ટ સહકારી ક્ષેત્ર, પર્યાવરણીય સુધારા, ખેડૂતોની આવક બમણી કરવા, ભારતના વિદેશી હૂંડિયામણના ભંડારમાં વધારો કરવા અને ગ્લોબલ વોર્મિંગના પડકારને પહોંચી વળવા માટે બહુ–આંતરિય અભિયાન તરફ એક અર્થપૂર્ણ પગલું છે.
- આ પ્રોજેક્ટ સાથે હજીરા ખાતે 2,50,000 લિટરની દૈનિક ક્ષમતા ધરાવતો બાયો–ઈથોનોલ પ્લાન્ટ સ્થાપવામાં આવશે.
- જે 82.5 મિલિયન લિટર બાયો–ઈંધણનું ઉત્પાદન કરશે.
- આ ઉપરાંત તે મકાઈ અથવા અન્ય પેદાશો માટે પણ સારું બજાર પૂરું પાડશે.
- ગુજરાતના લગભગ 9 જિલ્લાઓમાં મકાઈ એ મુખ્ય પાક છે અને આ ઉપરાંત રાજ્યના 10 જિલ્લાઓમાં મકાઈ ઉગાડી શકાય છે અને તેના દ્વારા ખેડૂતોને ઘણો ફાયદો થઈ શકે છે.
- આ સાથે બગડેલી મકાઈમાંથી બાયો–ઈંધણ બનાવીને દેશના અર્થતંત્ર અને વિદેશી હૂંડિયામણના ભંડારને ફાયદો થશે અને આ પ્લાન્ટ ખેડૂતોના જીવનમાં નવી આશાનો સંચાર કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### બાયો-ઈથેનોલ શું છે ?

બાયોમાસમાંથી ઉત્પાદિત ઈથેનોલને બાયોઈથેનોલ કહેવામાં આવે છે.

- તે સ્ટાર્ચ અથવા ખાંડ–આધારિત ફીડસ્ટોક્સ જેમ કે મકાઈ, શેરડી અને અન્ય છોડની સામગ્રીમાંથી ઉત્પન્ન કરી શકાય છે.
- અર્ધ–નવીનીકરણીય ઊર્જા તરીકે ઈથેનોલને પેટ્રોલ અથવા ડિઝલ સાથે ભેળવી શકાય છે. જે તેને ટકાઉ પરિવહન બળતણ પણ બનાવે છે.
- તે ઉત્સર્જન અને આયાતિ ઈંધણ પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ કરશે.

## ઈથેનોલ શું છે ?

ઈથેનોલ એક સ્પષ્ટ, રંગહીન કાર્બનિક પ્રવાહી છે. તેનો ઉપયોગ વૈકલ્પિક બળતણ સ્ત્રોત હોવા ઉપરાંત રાસાયણિક દ્રાવક તરીકે અને કાર્બનિક સંયોજનોના સંશ્લેષણમાં થાય છે.

- ઈથેનોલ બાયોમાસ (છોડની સામગ્રી)ના આથોમાંથી અથવા પેટ્રોકેમિકલ પ્રક્રિયાઓ જેમ કે ઈથિલિન હાઈડ્રેશન દ્વારા ઉત્પન્ન કરી શકાય છે.
- તેનું રાસાયણિક સુત્ર **$C_2H_5OH$** છે.

## ભારત માટે ઈથેનોલ શા માટે મહત્વનું છે ?

(1) દેશમાં ઊર્જાની વધતી માંગને પહોંચી વળવા

(2) ક્રૂડ ઓઈલની આયાત પર નિર્ભરતા ઘટાડવા માટે, જેનાથી ભારતની ઊર્જા સુરક્ષામાં વધારો થશે.


(3) પર્યાવરણીય પ્રદૂષણ ઘટાડવા અને આબોહવા લક્ષ્યોને પૂર્ણ કરવા.

(4) ઈથેનોલ ઉત્પાદન પ્લાન્ટ દ્વારા રોજગારીનું સર્જન કરવું

(5) મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા માટે

(6) ખેડૂતોની આવક વધારવા માટે

(7) વેસ્ટ ટુ વેલ્થ જનરેશનને પ્રોત્સાહન આપવું

1. ભારતમાં 'એન્જિનિયર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 13 સપ્ટેમ્બર (B) 14 સપ્ટેમ્બર (C) 15 સપ્ટેમ્બર (D) 16 સપ્ટેમ્બર — (C)

2. ભારતમાં કોનો જન્મદિન 15 સપ્ટેમ્બર 'એન્જિનિયર દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી અલી નવાઝ જંગ બહાદૂર (B) શ્રી એમ. વિશ્વેશ્વરૈયા

(C) શ્રી ઈ.શ્રીધરન (D) શ્રી સુબ્રમણ્યમ રામાદુરાઈ — (B)

3. ભારતના કયા રાજ્યમાં 11 જુલાઈ 'એન્જિનિયર દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) તમિલનાડુ (B) આંધ્રપ્રદેશ (C) પશ્ચિમ બંગાળ (D) તેલંગાણા — (D)

4. નીચેનામાંથી કયા દેશમાં 15 સપ્ટેમ્બર 'એન્જિનિયર દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) ભારત (B) શ્રીલંકા (C) તાન્ઝાનિયા (D) ઉપરોક્ત ત્રણેય — (D)

5. 'આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 સપ્ટેમ્બર (B) 13 સપ્ટેમ્બર (C) 14 સપ્ટેમ્બર (D) 15 સપ્ટેમ્બર — (D)

6. 'વિશ્વ લિમ્ફોમાં જાગૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 સપ્ટેમ્બર (B) 15 સપ્ટેમ્બર (C) 16 સપ્ટેમ્બર (D) 17 સપ્ટેમ્બર — (B)

7. તાજેતરમાં અરૂણાચલ પ્રદેશમાં કઈ મિલિટરી પોસ્ટનું નામ જનરલ બિપિન રાવતના નામ પરથી રાખવામાં આવ્યું છે ?

(A) કિબિથુ (B) બુબંગ (C) બોર્ડુમસા (D) ચોપેલિંગ — (A)

8. તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે સુરતના કયા સ્થળે 'બાયો–ઈથેનોલ પ્રોજેક્ટ'નો શિલાયન્સ કર્યો છે ?

(A) ક્રિભકો, હજીરા (B) આંબોલી, કામરેજ

(C) અજાપર, માંડવી (D) પીપરી, માંડવી — (A)

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 16 સપ્ટેમ્બર, વિશ્વ ઓઝોન દિવસ

ઓઝોનના પડના સંરક્ષણ માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 16 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ ઓઝોન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- પૃથ્વીના વાયુમંડળમાં આવેલું ઓઝનનું પડ સૂર્ય પરથી આવતા હાનિકારક પારજાંબલિ કિરણોનું શોષણ કરીને પૃથ્વીની જીવ સૃષ્ટિનું રક્ષણ કરે છે.
- આધુનિક ટેકનોલોજીના વર્તમાન યુગમાં મનુષ્યની વિવિધ પ્રવૃતિઓના કારણે ઓઝોનના આ પડમાં ક્ષતિ થઈ ગઈ છે.
- આથી, ઓઝોનના પડમાં થતું નુકશાન અટકાવવા માટે જાગૃતિ લાવવા 'વિશ્વ ઓઝોન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- ઓઝોનના પડના સંરક્ષણ માટે 16 સપ્ટેમ્બર, 1987ના રોજ મોન્ટ્રીયલ પ્રોટોકલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- આથી, આ દિવસની યાદમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા 19 ડિસેમ્બર, 2000ના રોજ 16 સપ્ટેમ્બરના દિવસે 'વિશ્વ ઓઝોન દિવસ'ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
- વર્ષ 2022ની 'વિશ્વ ઓઝોન દિવસ'ની થીમ 'Montreal Protocol@35:Global Cooperation Protecting life on Earth' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કેન્દ્ર સરકાર, આસામ સરકાર અને 8 આદિવાસી સંગઠનો સાથે શાંતિ સમજૂતી

તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈશાહની હાજરીમાં કેન્દ્ર સરકાર, અસામ સરકાર અને આઠ સશસ્ત્ર આદિવાસી જૂથોના પ્રતિનિધિઓએ એક ઐતિહાસિક કરાર પર હસ્તાક્ષર કર્યા છે.



- આસામમાં આદિવાસીઓ અને ચાના બગીચાના કામદારોની દાયકાઓ જૂની કટોકટીનો અંત લાવવા માટે આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

## સમજૂતી કરાર વિશે

આ ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર સાથે આસામના આદિવાસી જૂથોના 1182 કામદારો આત્મસમર્પણ કરીને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડાયા છે.

- કરારનો હેતુ જૂથોની સામાજિક, સાંસ્કૃતિક, ભાષાકીય અને સમુદાય આધારિત ઓળખને સુરક્ષિત અને મજબૂત કરવાનો છે.
- તથા આદિવાસી જૂથોની રાજકીય, આર્થિક અને શૈક્ષણિક આકાંક્ષાઓને પૂર્ણ કરવાનો પણ છે.
- આ ઉપરાંત તેનો ઉદ્દેશ સમગ્ર રાજ્યમાં ચાના બગીચાઓ તેમજ આદિવાસી ગામો અથવા વિસ્તારોનો ઝડપી અને કેન્દ્રિત વિકાસ સુનિશ્ચિત કરવાનો છે.

## કરારની જોગવાઈઓ

આ કરારમાં ચાના બગીચાઓનો ઝડપી અને કેન્દ્રિત વિકાસ સુનિશ્ચિત કરવા માટે આદિજાતિ કલ્યાણ અને વિકાસ પરિષદની સ્થાપના કરવાની પણ જોગવાઈ છે.

- આ કરારમાં સશસ્ત્ર કાર્યકારોના પુનર્વસન અને પુનઃસ્થાપન તથા ચાના બગીચાના કામદારોના કલ્યાણ માટેના પગલાંની પણ જોગવાઈ છે.
- આદિવાસી વસતી ધરાવતા ગામો અથવા વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓના વિકાસ માટે પાંચ વર્ષના સમયગાળામાં રૂ. 1000 કરોડનું વિશેષ વિકાસ પેકેજ પ્રદાન કરવામાં આવશે.

## કયા સંગઠનો સાથે શાંતિ સમજૂતી

જે આઠ સંગઠનો સાથે શાંતિ સમજૂતિ પર હસ્તાક્ષર થયા તે નીચે મુજબ દર્શાવ્યા છે :

(1) બિરસા કમાન્ડો ફોર્સ (BCF)

(2) BCF (BT)

(3) ઓલ આદિવાસી નેશનલ લિબરેશન આર્મી (AANLA)

(4) આદિવાસી પીપલ્સ આર્મી (APA)

(5) સંથાલી ટાઈગર ફોર્સ (STF)

(6) અદિવાસી કોબ્રા મિલિટ્રી ઓફ આસામ (ACMA)

(7) AANLA (FG)

(8) ACMA (FG)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુશ્રી વિનેશ ફોગાટ વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં બે મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બન્યા

તાજેતરમાં ભારતના સ્ટાર રેસલર સુશ્રી વિનેશ ફોગાટે વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

- સર્બિયાની રાજધાની બેલગ્રેડમાં યોજાયેલી ટુર્નામેન્ટની 53 કિગ્રા વેઈટ કેટેગરીમાં વિનેશે રેપચેઝ રાઉન્ડમાં વિજય હાંસલ કરીને આ સિદ્ધિ મેળવી હતી.
- આ અગાઉ વર્ષ 2019માં કઝાકિસ્તાનના નૂર સૂલ્તાનમાં મેડલ જીત્યો હતો.
- આ સાથે સુશ્રી વિનેશ ફોગટ વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં બે મેડલ જીતનાર પ્રથમ ભારતીય બન્યા છે.
- નોંધનીય છે કે સુશ્રી વિનેશ ફોગાટ એક કુસ્તી પરિવાર સાથે સંબંધ ધરાવે છે. સુશ્રી ગીતા ફોગાટ અને બબીતા કુમારી તેમની પિતરાઈ બહેનો છે.

## ઓસ્ટ્રેલિયામાં કાકાડૂ 2022 સૈન્ય અભ્યાસ શરૂ થયો

'અભ્યાસ કાકાડુ 2022' (Exercise Kakadu 2022) 12 સપ્ટેમ્બર, 2022ના રોજ ઓસ્ટ્રેલિયાના ડાર્વિનમાં શરૂ થયો હતો.

- KAKADU 2022 (KA22) એ ઓસ્ટ્રેલિયન નૌકાદળ દ્વારા ઓસ્ટ્રેલિયાના ઉત્તરીય પ્રદેશની રાજધાની ડાર્વિનમાં કરવામાં આવતી બહુરાષ્ટ્રીય કવાયત છે.
- વર્ષ 2022માં 12 થી 24 સપ્ટેમ્બર સુધી રોયલ ઓસ્ટ્રેલિયન એરફોર્સના સમર્થન સાથે રોયલ ઓસ્ટ્રેલિયન નેવી દ્વારા તેનું આયોજન કરવામાં આવશે. આ કવાયતની થીમ 'Partnership, Leadership, Friendship' છે.
- બે અઠવાડિયા સુધિ ચાલનાર આ દ્વિવાર્ષિક સમુદ્રી અભ્યાસ 22 દેશોના લગભગ 3000 કર્મચારીઓ, 15 યુદ્ધ જહાજો અને 30 થી વધુ એરક્રાફ્ટો એક સાથે લાવશે.
- ભારતીય નૌકાદળનું પ્રતિનિધિત્વ INS સાતપુડા અને P8I મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ દ્વારા કરવામાં આવી રહ્યું છે.
- અભ્યાસ KAKADUની પ્રારંભિક આવૃત્તિ વર્ષ 1993માં હાથ ધરવામાં આવી હતી.
- પાછલા ત્રણ દાયકામાં સિંગાપોર, ન્યુઝિલેન્ડ, થાઈલેન્ડ, મલેશિયા, ઈન્ડોનેશિયા, પાપુઆ ન્યુ ગીની, ફિલિપાઈન્સ, જાપાન, દક્ષિણ કોરિયા, ફ્રાન્સ, ભારત, પાકિસ્તાન, બ્રુનેઈ, તિમોર લેસ્ટે, ટોંગા, કેનેડા, બાંગ્લાદેશ, કાંબોડિયા, વિયેતનામ, ફિજી, યુ.એસ, UAE, કૂક ટાપુઓ, શ્રીલંકા, ચીલી અને વનુઆતુ આ કવાયતમાં ભાગ લેનાર દેશો છે.

**નોંધ :** રોયલ ઓસ્ટ્રેલિયન એર ફોર્સ (RAAF) દ્વારા આયોજિત દ્વિવાર્ષિક અભ્યાસ પિચ બ્લેકના સમાપનના એક અઠવાડિયા કરતા ઓછા સમયમાં KA22 લોન્ચ કરવામાં આવ્યું છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

1. 'વિશ્વ ઓઝોન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 સપ્ટેમ્બર (B) 15 સપ્ટેમ્બર (C) 16 સપ્ટેમ્બર (D) 17 સપ્ટેમ્બર (C)

2. ઓઝોન પડના સંરક્ષણ માટે મોન્ટ્રીયલ પ્રોટોકોલ પર હસ્તાક્ષર ક્યારે કરવામાં આવ્યા હતા કે જેની યાદમાં દર વર્ષે 16 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ ઓઝોન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 16 સપ્ટેમ્બર, 1986 (B) 16 સપ્ટેમ્બર, 1987

(C) 16 સપ્ટેમ્બર, 1988 (D) 16 સપ્ટેમ્બર, 1989 (B)

3. વર્ષ 2022ની 'વિશ્વ ઓઝોન દિવસ'ની થીમ શું છે ?

(A) Ozon for Life : 24 years of ozon layer protection

(B) Ozon for Life : 30 years of ozon layer protection

(C) Life on Earth Ozon protection

(D) Montreal Protocol@35:Global Cooperation protecting life on Earth (D)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. સપ્ટેમ્બર, 2022માં કેન્દ્ર સરકાર, ............રાજ્ય સરકાર અને 8 આદિવાસી જૂથોના સંગઠનોએ એક ઐતિહાસિક શાંતિ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

(A) આસામ (B) સિક્કિમ (C) ઓડિશા (D) ઝારખંડ (A)

5. તાજેતરમાં કયા ભારતીય ખેલાડીએ વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ સાથે વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં બે મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બન્યા છે ?

(A) સુશ્રી વિનેશ ફોગાટ (B) સુશ્રી સાક્ષી મલિક

(C) સુશ્રી અંશુ મલિક (D) સુશ્રી અલકા તોમર (A)

6. તાજેતરમાં કયા દેશમાં 'અભ્યાસ કાકડૂ 2022' (Exercise Kakadu 2022)નું આયોજન થયું હતું ?

(A) અમેરિકા (B) જાપાન (C) ઓસ્ટ્રેલિયા (D) ઈંગ્લેન્ડ (C)

## દિવસ મહિમા : 17 સપ્ટેમ્બર, વિશ્વ દર્દી સલામતી દિવસ (World Patient Safety Day)

સમગ્ર વિશ્વમાં દર્દીઓની સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવા માટે 17 સપ્ટેમ્બરના રોજ WHO દ્વારા 'વિશ્વ દર્દી સલામતી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- મે 2019 દરમિયાન યોજાયેલી 72મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં દર વર્ષે 17 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ દર્દી સલામતી દિવસ'ની ઉજવણીનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- ત્યારબાદ 17 સપ્ટેમ્બર, 2019ના રોજ પ્રથમ 'વિશ્વ દર્દી સલામતી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

## ભારતીય ક્રિકેટર શ્રી રોબિન ઉથપ્પાએ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી

તાજેતરમાં શ્રી રોબિન ઉથપ્પાએ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે.

### શ્રી રોબિન ઉથપ્પા



શ્રી રોબિન ઉથપ્પાનો જન્મ 11 નવેમ્બર, 1985ના રોજ કર્ણાટકના કોડાગુ ખાતે થયો હતો.

- તેમનું પૂરું નામ શ્રી રોબિન વેણુ ઉથપ્પા છે.
- તેમણે વર્ષ 2006માં ઈંગ્લેન્ડ સામેની મેચથી વન–ડે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો.
- તથા વર્ષ 2007માં સ્કોટલેન્ડ સામેની મેચથી ઈન્ટરનેશનલ T-20 ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો.
- તેમણે ODI અને T-20માં ટીમ ઈન્ડિયાનું પ્રતિનિધિત્વ પણ કર્યુ હતું.
- તેમણે વર્ષ 2007માં T-20 વર્લ્ડકપમાં ભારતની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.
- બોલર તરફ નીચે ચાર્જ કરવાની તેમની યુક્તિ માટે 'ધ વોકિંગ એસ્સાસિન'નું હુલામણુ નામ આપવામાં આવ્યું છે.
- તેઓ IPLમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર, પુણે વોરિયર્સ, મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ માટે પણ રમ્યા છે.
- તેઓ બેટ્સમેનની સાથે વિકેટકીપરની ભૂમિકા પણ ભજવતા હતા.
- તેમણે 46 વન–ડે મેચમાં 934 રન ફટકાર્યા છે.
- તથા 12 T-20માં 249 રન બનાવ્યા છે.
- વર્ષ 2015માં ઝિમ્બાબ્વે સામે તેમણે છેલ્લી વન–ડે મેચ રમી હતી. તથા ઝિમ્બાબ્વે સામે અંતિમ T-20 મેચ રમી હતી.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## શ્રી રોજર ફેડરરે ટેનિસમાંથી નિવૃત્તિની જાહેરાત કરી

15 સપ્ટેમ્બર, 2022ના રોજ શ્રી રોજર ફેડરરે આંતરરાષ્ટ્રીય ટેનિસમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે.

- 23 સપ્ટેમ્બરથી શરૂ થતો લેવર કપ શ્રી રોજર ફેડરરની અંતિમ ટુર્નામેન્ટ હશે.
- તેઓ 41 વર્ષની વયે નિવૃત્ત થશે.

### શ્રી રોજર ફેડરર



શ્રી રોજર ફેડરરનો જન્મ 8 ઓગસ્ટ, 1981ના રોજ સ્વિત્ઝર્લેન્ડના બેસલ ખાતે થયો હતો.

- શ્રી રોજર ફેડરર પાસે બે દેશની નાગરિકતા છે. તેઓ સ્વિત્ઝર્લેન્ડ અને સાઉથ આફ્રિકાની નાગરિકતા ધરાવે છે. તેમના પિતા સ્વિત્ઝર્લેન્ડ અને માતા સાઉથ આફ્રિકન છે.
- તેમણે તેની પ્રથમ જુનિયર મેચ 1996માં 14 વર્ષની ઉંમરે સ્વિત્ઝર્લેન્ડમાં ગ્રેડ–2 ટુર્નામેન્ટમાં રમી હતી.
- તેમણે બાળપણમાં સ્વિત્ઝર્લેન્ડના ઈકબ્લન્સમાં સ્વિસ નેશનલ ટેનિસ સેન્ટરમાં તાલીમ લીધી હતી.
- તેમણે પ્રથમ ગ્રાન્ડ સ્લેમ 21 વર્ષની વયે વર્ષ 2003માં વિમ્બલ્ડનમાં માર્ક ફિલિપોસિસને હરાવીને જીત્યું હતું.
- ફેડરરે બે દશકાથી લાંબી કારકિર્દીમાં 20 ગ્રાન્ડસ્લેમ અને 103 એટીપી ટાઈટલ્સ જીત્યા હતા.
- શ્રી રોજર ફેડરરે કેરિયરમાં 1526 મેચ રમી હતી, જેમાંથી 1251 એટલે કે 82% મેચ જીતી છે.
- તેઓ 310 અઠવાડિયા સુધી વર્લ્ડ નંબર–1 પર રહ્યા હતા.
- તેઓ 20 ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીતનાર વિશ્વના પ્રથમ વ્યક્તિ હતા.
- તેમણે ગ્રાન્ડ સ્લેમમાં 8 વિમ્બલ્ડન, 6 ઓસ્ટ્રેલિયન, 5 યુએસ ઓપન અને એક ફ્રેન્ચ ઓપનનું ટાઈટલ જીત્યુ છે.
- આ ઉપરાંત તેઓ 36 વર્ષની ઉંમરે વિશ્વના સૌથી વધુ વયના નંબર–1 ખેલાડી બનવા માટે પણ જાણીતા છે.

### ગ્રાન્ડ સ્લેમ સિંગલ્સમાં તેમનું પ્રદર્શન

| ક્રમ | ટુર્નામેન્ટ | કયા વર્ષે ટાઈટલ જીત્યા |
|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયન ઓપન | 2004, 2006, 2007, 2010, 2017, 2018 |
| 2 | ફ્રેન્ચ ઓપન | 2009 |
| 3 | વિમ્બલ્ડન | 2003, 2004, 2005, 2006, 2007, 2009, 2012, 2017 |
| 4 | યુ.એસ ઓપન | 2004, 2005, 2006, 2007, 2008 |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમ (EEF)

તાજેતરમાં રશિયાએ વ્લાદિવસ્તોકમાં 7મી 'પૂર્વીય આર્થિક મંચ' (Eastern Economic Forum- EEF)નું આયોજન કર્યુ હતું.

- તે ઉદ્યોગ સાહસિકો માટે 'Russia's Far East'e' (RFE)માં તેમના વ્યવસાયને વિસ્તૃત કરવા માટે એક મંચ છે.

## ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમ

Russia's Far East (RFE)માં વિદેશી રોકાણને પ્રોત્સાહિત કરવા માટે 'ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમ' (EEF)ની સ્થાપના વર્ષ 2015માં કરવામાં આવી હતી.

- ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમ આ પ્રદેશમાં આર્થિક ક્ષમતા, યોગ્ય વ્યાપારી પરિસ્થિતિઓ અને રોકાણની તકોને પ્રતિબિંબિત કરે છે.
- ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમમાં હસ્તાક્ષર કરાયેલ કરારો 2017માં 217થી વધીને 2021માં 380 થયા હતા, જેની કિંમત 3.6 ટ્રિલયન રુબેલ્સ છે.
- આ કરારો ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પરિવહન પ્રોજેક્ટ્સ, ખનિજ ઉત્ખનન, બાંધકામ, ઉદ્યોગ અને કૃષિ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## અગ્રણી એજન્ટ

ચીન, દક્ષિણ કોરિયા, જાપાન અને ભારત આ ક્ષેત્રમાં મુખ્ય એજન્ટો છે, જેમાં ચીન સૌથી મોટુ રોકાણકાર છે.

- ચીન RFEમાં ચાઈનીઝ બેલ્ટ એન્ડ ઈનિશિયેટિવ અને ધ્રુવીય સમુદ્ર માર્ગને પ્રમોટ કરવાની ક્ષમતા જુએ છે.
- આ ક્ષેત્રમાં ચીન દ્વારા કરવામાં આવેલ રોકાણ કુલ રોકાણના 90% છે.

## હેતુ

એશિયાઈ વેપારી માર્ગો સાથે રશિયાને જોડવાના ઉદ્દેશ્ય સાથે રશિયાએ વ્યૂહાત્મક રીતે આ પ્રદેશનો વિકાસ કર્યો છે.

- વ્લાદિવોસ્તોક, ખાબોરોવસ્ક, ઉલાન–ઉડે, ચિતા અને અન્ય શહેરોના ઝડપી આધુનિકરણ સાથે રશિયાનો હેતુ આ ક્ષેત્રમાં વધુ રોકાણ આકર્ષવાનો છે.
- આ ઉપરાંત ચીન અને અન્ય એશિયાઈ શક્તિઓની મદદથી આર્થિક કટોકટી અને પ્રતિબંધોથી બચવાનો પણ તેમનો ઉદ્દેશ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## RFEનું મહત્વ

આ પ્રદેશ રશિયાના એક તૃતીયાંશ વિસ્તારને આવરી લે છે અને તે માછલી, તેલ, કુદરતી ગેસ, લાકડા, હીરા અને અન્ય ખનીજો જેવા કુદરતી સંસાધનોથી સમૃદ્ધ છે.

- અન્ય પરિબળ આ પ્રદેશમાં રહેતી નાની વસ્તીને દૂર પૂર્વમાં સ્થળાંતર કરવા અને કામ કરવા માટે પ્રોત્સાહિત કરે છે.
- આ પ્રદેશની અકસ્યામતો અને સંશાધનો રશિયાના GDPમાં 5% ફાળો આપે છે.
- RFE ભૌગોલિક રીતે વ્યૂહાત્મક સ્થાન તરીકે સ્થિત છે, જે એશિયામાં પ્રવેશદ્વાર તરીકે કામ કરે છે.

## ભારત માટે ફોરમનું મહત્વ

ભારત RFEમાં પોતાનો પ્રભાવ વિસ્તારવા માંગે છે, ફોરમમાં ભારતે રશિયામાં વેપાર, કનેક્ટિવિટી અને રોકાણને વિસ્તારવાની તૈયારી દર્શાવી હતી.

- ભારત ઊર્જા, ફાર્માસ્યુટિકલ્સ, મેરીટાઈમ કનેક્ટિવિટી, હેલ્થકેર, પર્યટન, હીરા ઉદ્યોગ અને આર્કટિકમાં તેના સહયોગને મજબૂત કરવા આતુર છે.
- વર્ષ 2019માં ભારતે આ પ્રદેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે 1 બિલિયન અમેરિકન ડોલરની લાઈન ઓફ ક્રેડિટ ઓફર કરી હતી.
- EEF દ્વારા ભારતનો હેતુ રશિયા સાથે મજબૂત આંતર–રાજ્ય જોડાણ સ્થાપિત કરવાનો છે.
- ગુજરાત અને રિપબ્લિક સખા (રશિયા)ના વેપાર પ્રતિનિધિઓએ હીરા અને ફાર્માસ્યુટિકલ્સ ઉદ્યોગમાં કરાર કર્યા છે.

NEW APPLICATION
DOWNLOAD
ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ દર્દી સલામતી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 સપ્ટેમ્બર (B) 16 સપ્ટેમ્બર (C) 17 સપ્ટેમ્બર (D) 18 સપ્ટેમ્બર (C)

2. તાજેતરમાં શ્રી રોબિન ઉથપ્પાએ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. તેમણે કયા વર્ષે ઈંગ્લેન્ડ સામેની મેચથી ઈન્ટરનેશનલ ક્રિકટમાં પ્રવેશ કર્યો હતો ?

(A) 2006 (B) 2007 (C) 2008 (D) 2009 (A)

3. તાજેતરમાં શ્રી રોજર ફેડરરે ટેનિસમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. તેઓ કયા દેશના પ્રસિદ્ધ ટેનિસ ખેલાડી હતા ?

(A) સ્વિત્ઝર્લેન્ડ (B) સ્પેન (C) પોલેન્ડ (D) ન્યૂઝિલેન્ડ (A)

4. તાજેતરમાં શ્રી રોજર ફેડરરે ટેનિસમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. તેમના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેમનો જન્મ 8 ઓગસ્ટ, 1981ના રોજ સ્વિત્ઝર્લેન્ડના બેસલ ખાતે થયો હતો.
2. તેઓ સ્વિત્ઝર્લેન્ડ, રશિયા અને ન્યૂઝિલેન્ડની નાગરિકતા ધરાવે છે.
3. તેમણે પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ વર્ષ 2003માં જીત્યુ હતું.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 (C)

5. શ્રી રોજર ફેડરર કયા દેશની નાગરિકતા ધરાવે છે ?

(A) સ્વિત્ઝર્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા (B) સ્વિત્ઝર્લેન્ડ અને સાઉથ આફ્રિકા
(C) સ્વિત્ઝર્લેન્ડ અને ચેક રિપબ્લિક (D) સ્વિત્ઝલેન્ડ અને જાપાન (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

6. શ્રી રોજર ફેડરરે તેમની ટેનિસ કારકિર્દીમાં કુલ કેટલા ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીત્યા છે ? (મેન્સ સિંગલ્સ)

(A) 20 (B) 22 (C) 24 (D) 26 **(A)**

7. તાજેતરમાં રશિયાએ વ્લાદિવોસ્તોકમાં 7મી 'પૂર્વીય આર્થિક મંચ' (Eastern Economic Forum-EEF)નું આયોજન કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. Russia's Far East (RFE)માં વિદેશી રોકાણને પ્રોત્સાહિત કરવા માટે 'ઈસ્ટન ઈકોનોમિક ફોરમ'ની સ્થાપના વર્ષ 2003માં કરવામાં આવી હતી.
2. ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમ RFEમાં આર્થિક ક્ષમતા, યોગ્ય વ્યાપારી પરિસ્થિતિઓ અને રોકાણની તકોને પ્રતિબિંબિત કરે છે.
3. ચીન, દક્ષિણ કોરિયા, જાપાન અને ભારત આ ક્ષેત્રમાં મુખ્ય એજન્ટો છે, જેમાં ચીન સૌથી મોટું રોકાણકાર છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# ONE LINER

## ગુજરાત

➤ **વિશ્વાસથી વિકાસ યાત્રા**

ગાંધીનગરના મહાત્મા મંદીર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં અને કેન્દ્રિય ગૃહ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની વર્ચ્યુઅલ હાજરીમાં 'વિશ્વાસથી વિકાસ યાત્રા'ની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રૂ. 1179 કરોડના કુલ 519 લોક કલ્યાણ વિકાસ કાર્યોનો વર્ચ્યુઅલ રીતે શિલાયન્સ અને ઉદ્‌ઘાટન કર્યુ હતું.

➤ **અમદાવાદ ખાતે 'ગો ફોર ગોલ્ડ' કાર્યક્રમ યોજાયો**

ગુજરાતમાં 29મી સપ્ટેમ્બરથી યોજાઈ રહેલી 36મી નેશનલ ગેમ્સમાં ભાગ લઈ રહેલા રમતવીરોને સંબોધતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય રમતો એ આંતરરાષ્ટ્રીય રમતો તરફના સોપાન સમાન છે. આ વખતે ગુજરાતમાં આયોજિત રમતો જુસ્સો અને ઉત્સાહને ઉજાગર કરે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 36મી નેશનલ ગેમ્સમાં ભાગ લેવા જઈ રહેલા ગુજરાતના ખેલાડીઓને 'ગો ફોર ગોલ્ડ'નો રમતમંત્ર આપીને પ્રેરિત કર્યા હતા અને શુભેચ્છાઓ આપી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત

➤ **ગયાજી ડેમ : ફાલગુ નદી પર ભારતનો સૌથી લાંબો રબર ડેમ**

તાજેતરમાં બિહારના મુખ્યમંત્રી શ્રી નીતિશ કુમારે બિહારમાં વિષ્ણુપદ મંદિર પાસે ફાલ્ગુ નદી પર દેશના સૌથી મોટા રબર ડેમ અને સ્ટીલ બ્રિજનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. નોંધનીય છે કે બિહારના મુખ્યમંત્રી શ્રી નીતિશ કુમારે 22 સપ્ટેમ્બર, 2020ના રોજ તેનો શિલાયન્સ કર્યો હતો. IIT રૂરકીના નિષ્ણાતોની સલાહ પર હૈદરાબાદની નાગાર્જુન કન્સટ્રક્શન કંપનીના સહયોગથી ઓસ્ટ્રિયાની રૂબીના કંપની દ્વારા ગયાજી ડેમનું નિર્માણ કરવામાં આવ્યું છે. રબર ડેમ ઉપરાંત ફાલ્ગુ નદીના કિનારાનો પણ વિકાસ કરવામાં આવ્યો છે. અને તીર્થયાત્રીઓને સીતા કુંડના દર્શન કરવા માટે સ્ટીલનો પુલ બનાવવામાં આવ્યો છે. રબર ડેમ 17 મીમી જાડા રબરનો બનેલો છે. આ ડેમ 400 મીટર પહોળો અને 3 મીટર ઊંચો છે.

➤ **ભારતીય સેનાએ 'પર્વત પ્રહાર' કવાયત હાથ ધરી**

આર્મી ચીફ જનરલ મનોજ પાંડેએ તાજેતરમાં 'પર્વત પ્રહાર' કવાયતની સમીક્ષા કરવા લદ્દાખ સેક્ટરની મુલાકાત લીધી હતી. 'પર્વત પ્રહાર' નામનો આ અભ્યાસ ભારતીય સેનાની વન સ્ટ્રાઈક કોર્પ્સ દ્વારા કરવામાં આવી રહ્યો છે. પર્વત પ્રહાર એ ભારતીય સેનાની 20 દિવસની લાંબી કવાયત છે. આ કવાયતમાં સેનાના તમામ નવા વડાઓને સામેલ કરવામાં આવ્યા હતા.

➤ **કુનો નેશનલ પાર્કમાં ચિત્તાને ફરીથી લાવવામાં આવશે.**

હાલમાં નામિબિયાથી લાવવામાં આવી રહેલ ચિત્તાઓની પ્રથમ બેચ મધ્યપ્રદેશના કુનો નેશનલ પાર્કમાં લાવવામાં આવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી 17 સપ્ટેમ્બરે આ રાષ્ટ્રીય ઉદ્યાનમાં 8 ચિત્તા છોડશે. સરકાર 1952માં ભારતમાંથી લુપ્ત થઈ રહેલા ચિત્તાઓને ફરીથી લાવવાની યોજના બનાવી રહી છે. વસવાટની ખોટ, સંકોચાઈ રહેલા શિકારનો આધાર, આબોહવા પરિવર્તન અને વધતી જતી માનવ વસતીના કારણે ભારતમાં એશિયાટિક ચિત્તા લુપ્ત થઈ ગયા હતા.

➤ **રક્તદાન અમૃત મહોત્સવ**

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી રક્તદાન અમૃત મહોત્સવ–એક રાષ્ટ્રવ્યાપી સ્વૈચ્છિક રક્તદાન અભિયાનનો શુભારંભ કરશે. રક્તદાન અમૃત મહોત્સવ એ દેશ વ્યાપી સ્વૈચ્છિક રક્તદાન અભિયાન છે. જેનું આયોજન આ વર્ષે 17મી સપ્ટેમ્બરથી 1 ઓક્ટોબર સુધી કરવામાં આવશે. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આ વિશેષ રક્તદાન અભિયાનનું આયોજન કરવામાં આવશે. આ મેગા ડ્રાઈવ માટે રજીસ્ટ્રેશન ઈ–રક્તકોશ પોર્ટલ અને આરોગ્ય સેતુ એપનો ઉપયોગ કરીને કરી શકાય છે. 1 ઓક્ટોબરને રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. અને આ પ્રસંગે રક્તદાન અમૃત મહોત્સવનું સમાપન થવાનું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **રાજભાષા કીર્તિ પુરસ્કાર**

રાષ્ટ્રીય ઈસ્પાત નિગમ લિમિટેડ (RINL), વિશાખાપટ્ટનમ સ્ટીલ પ્લાન્ટને ગુજરાતના સુરત ખાતે યોજાયેલ રાષ્ટ્રીય હિન્દી દિવસની ઉજવણીમાં ભારત સરકારના ગૃહમંત્રાલયના રાજભાષા વિભાગ દ્વારા દેશનો શ્રેષ્ઠ રાજભાષા કીર્તિ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. RINLને સતત ચોથી વખત શ્રેણી Cમાં પ્રથમ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરતમાં યોજાયેલી બીજી અખિલ ભારતીય રાજભાષા પરિષદમાં ગૃહ અને સહકાર મંત્રીની હાજરીમાં રાષ્ટ્રીય ઈસ્પાત નિગમ લિમિટેડના ચેરમેન–કમ–મેનેજિંગ ડિરેક્ટર શ્રી અતુલ ભટ્ટને એવોર્ડ એનાયત કર્યો હતો. હિન્દી ગૃહપત્રિકા શ્રેણીમાં હિન્દી મેગેઝિન 'સુગંધ'ને હિન્દી હોમ મેગેઝિન કેટેગરીમાં પ્રથમ ઈનામ મળ્યુ છે. આજ કાર્યમાં શહેરની અધિકૃતભાષા અમલીકરણ સમિતિ (ઉપક્રમ), વિશાખાપટ્ટનમને પણ 'C' શ્રેણીમાં દ્વિતીય પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

➤ **રામકૃષ્ણ મિશનનો 'જાગૃતિ કાર્યક્રમ'**

તાજેતરમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ શાળાના વિદ્યાર્થીઓ માટે રામકૃષ્ણ મિશનનો 'જાગૃતિ કાર્યક્રમ' શરૂ કર્યો હતો. જાગૃતિ કાર્યક્રમ એ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 અનુસાર બાળકના સર્વાંગી વ્યક્તિત્વ વિકાસને સુનિશ્ચિત કરવાની પહેલ છે. તે 1 થી 5 ધોરણના વિદ્યાર્થીઓ માટે છે. રામકૃષ્ણ મિશન, દિલ્હી શાખા, માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને 'આત્મશ્રદ્ધા' (સ્વ–સન્માન) બનાવવા અને પસંદગી કરવા સક્ષમ બનાવવા માટે 2014 થી જાગૃત નાગરિક કાર્યક્રમ સફળતાપૂર્વક ચલાવી રહ્યું છે. તે તેમને જીવનની તમામ સમસ્યાઓનો ઉકેલ શોધવામાં મદદ કરે છે.

## વિશ્વ

➤ **શ્રી વોલ્કર તુર્કને માનવ અધિકાર માટે યુએન હાઈ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા**

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ શ્રી એન્ટોનિયો ગુટેરેસ ઓસ્ટ્રેલિયાના વોલ્કર તુર્કની માનવાધિકારના આગામી હાઈ કમિશનર તરીકે નિમણૂકનો પ્રસ્તાવ મુકશે. તેઓ ચિલીના મિશેલ બેશેલેટનું સ્થાન લેશે, જેમનો કાર્યકાળ 31 ઓગસ્ટના રોજ સમાપ્ત થયો હતો. પરંપરાગત રીતે યુએન હાઈ કમિશનરની પસંદગી કરતા પહેલા યુએન સિક્યુરિટી કાઉન્સિલના સ્થાયી સભ્યો– ચીન, ફ્રાન્સ, રશિયા, યુનાઈટેડ કિંગ્ડમ અને યુએસ સાથે પરામર્શ કરે છે. વોલ્કર તુર્કની નિમણૂકને ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા મંજૂર કરવી આવશ્યક છે. આ પદ માટેના અન્ય ઉમેદવારોમાં આર્જેન્ટિના કારકિર્દી રાજદ્વારી ફેડરિકો વિલેગાસ અને સેનેગલના એડમા ડિએંગનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **અમેરિકાએ મિનિટમેન III ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યુ**

તાજેતરમાં યુએસ એરફોર્સ ગ્લોબલ સ્ટ્રાઈક કમાન્ડે મિનિટમેન III (Minuteman III ICBM) મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું. આ મિસાઈલને કેલિફોર્નિયાના વેન્ડેનબર્ગ સ્પેસ ફોર્સ બેઝ પરથી લોન્ચ કરવામાં આવી હતી. મિનિટમેન III મિસાઈલ યુએસ એર ફોર્સ ગ્લોબલ સ્ટ્રાઈક કમાન્ડ હેઠળ વ્યૂહાત્મક ડિટરન્સ ફોર્સનો ભાગ છે. તેનું પૂરું નામ LGM-30G Minuteman- III છે. LGMમાં Lનો અર્થ સાઈલો લોન્ચ મિસાઈલ, Gનો અર્થ ગ્રાઉન્ડ એટેક અને Mનો અર્થ ગાઈડેડ મિસાઈલ છે. તે અમેરિકાની સૌથી શક્તિશાળી મિસાઈલોમાંથી એક છે જે પરમાણુ હુમલો કરવા સક્ષમ છે. આ પરીક્ષણનો હેતુ શસ્ત્ર પ્રણાલીની સલામતી, અસરકારકતા અને તત્પરતાને ચકાસવાનો હતો. મિનિટમેન III મિસાઈલ 10,000 કિમીથી વધુની રેન્જમાં પ્રહાર કરી શકે છે.

## ICE ? Questions

- તાજેતરમાં 'વિશ્વાસથી વિકાસ' યાત્રાની રાજ્યકક્ષાની ઉજવણી કયાં કરવામાં આવી હતી ?

  – મહાત્મા મંદિર, ગાંધીનગર

- ............ખાતે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં 'ગો ફોર ગોલ્ડ' કાર્યક્રમ યોજાયો હતો.

  – અમદાવાદ

- તાજેતરમાં કોને માનવ અધિકાર માટે યુએન હાઈ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે ?

  – શ્રી વોલ્કર તુર્ક

- તાજેતરમાં ચર્ચામાં રહેલ ભારતનો સૌથી મોટો રબર ડેમ 'ગયાજી ડેમ' કઈ નદી પર સ્થિત છે ? – ફાલ્ગુ
- તાજેતરમાં કોણે 'પર્વત પ્રહાર' કવાયત હાથ ધરી હતી ? – ભારતીય સેના
- તાજેતરમાં કયા દેશે 'મિનિટમેન III ઈન્ટરકોન્ટિનેન્ટલ' બેલિસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યુ હતું ?

  – અમેરિકા

- તાજેતરમાં મધ્યપ્રદેશના કયા પાર્કમાં ચિતાને ફરીથી લાવવામાં આવ્યા છે ? – કુનો
- રક્તદાન અમૃત મહોત્સવનું આયોજન ક્યારે કરવામાં આવ્યુ છે ? – 17 સપ્ટેમ્બરથી 1ઓક્ટોબર સુધી
- તાજેતરમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ શાળાના વિદ્યાર્થીઓ માટે .........નો 'જાગૃતિ' કાર્યક્રમ શરૂ કર્યો હતો.

  – રામકૃષ્ણ મિશન

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ



આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.

1. કયા કેન્દ્રીય મંત્રાલયે 'EU- India Green Hydrogen Forum'નું આયોજન કર્યું હતું ?

– નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય

2. ન્યાયાધીશ રંજના પ્રકાસ દેસાઈની અધ્યક્ષતામાં યુનિફોર્મ સિવિલ કોડ પર કયા રાજ્યએ એક સમિતિની રચના કરી છે ? – ઉત્તરાખંડ

3. Qimingxing-50 એ કયા દેશના પ્રથમ સંપૂર્ણ સૌર ઊર્જાથી ચાલતા માનવરહિત એરિયલ વ્હીકલ (UAV)નું નામ છે ? – ચીન

4. કયું રાજ્ય 'ભારતમાં સસ્ટેનેબલ કોસ્ટલ મેનેજમેન્ટ પર નેશનલ કોન્ફરન્સ'નું યજમાન છે ? – ઓડિશા

5. ભારતની સૌથી લાંબા રબર ડેમ, 'ગયાજી ડેમ' (Gayaji Dam)નું ઉદ્દ્ઘાટન કયા રાજ્યમાં કરવામાં આવ્યું છે ?

– બિહાર

6. કયું ભારતીય શહેર 'નેશનલ ડિફેન્સ MSME કોન્ફરન્સ એન્ડ એક્ઝિબિશન'નું યજમાન છે ? – કોટા

7. તાજેતરમાં ભારત સરકારે એમ્બેસી ઓફ ઈન્ડિયા, દોહા અને ..............ના સહયોગથી કૃષિ અને ખાદ્ય ભૌગોલિક સંકેત (GI) ઉત્પાદનો માટે વર્ચ્યુઅલ નેટવર્કિંગ મીટનું આયોજન કર્યું હતું.

– ઈન્ડિયન બિઝનેસ એન્ડ પ્રોફેશનલ્સ કાઉન્સિલ (IBPC)

8. ભારત કયા રાષ્ટ્રીય ઉદ્યાનમાં નામીબીયાથી ચિત્તા રજૂ કરવા જઈ રહ્યુ છે ? – કુનો પાલપુર નેશનલ પાર્ક

9. કઈ સંસ્થાએ પોતાના રિપોર્ટમાં કહ્યુ કે વિશ્વભરમાં 50 મિલિયન લોકો 'આધુનિક ગુલામી' (Modern Slavery)માં ફસાયેલા છે ? – ILO

10. વેન્ચર કેપિટલ (VC) અને પ્રાઈવેટ ઈક્વિટી (PE) દ્વારા સામનો કરવામાં આવતી સમસ્યાઓના ઉકેલ માટે નાણા મંત્રાલય દ્વારા રચવામાં આવેલી સમિતિના વડા કોણ છે ? – એમ.દામોદરન

11. 'નેશનલ લિસ્ટ ઓફ એસેન્શિયલ મેડિસિન્સ' (NLEM)માં કેટલી દવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

– 384

12. 2022માં આયોજિત 'અખિલ ભારતીય રાજભાષા પરિષદ'નું યજમાન શહેર કયું છે ? – સુરત

13. Meity સ્ટાર્ટઅપ હબ (MSH)એ 'XR સ્ટાર્ટઅપ પ્રોગ્રામ' શરૂ કરવા માટે કઈ કંપની સાથે ભાગીદારી કરી ?

– મેટા

14. 14 સપ્ટેમ્બર 'લુનર ઓક્યુલ્ટેશન'નામની ઘટનાને કારણે કયો ગ્રહ દષ્ટિથી અદશ્ય થઈ ગયો હતો ? – યુરેનસ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

15. તાજેતરમાં ભારત–મેક્સિકોએ રાજદ્વારી સંબંધોની સ્થાપનાના કેટલામાં વર્ષની ઉજવણી કરી છે ? – 72

16. તાજેતરમાં કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રીએ ઓટોમેટિવ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (ACMA)ના ...........વાર્ષિક સત્રને સંબોધિત કર્યુ હતું. – 62માં

17. ભારત સરકારના મહત્વાકાંક્ષી મિશન અમૃત સરોવર હેઠળ ............રાજ્યએ સૌથી વધુ સરોવરો બનાવ્યા છે. – ઉત્તરપ્રદેશ

18. શૂન્ય અભિયાનનું લક્ષ્ય શું છે, જે તાજેતરમાં સમાચારમાં હતું ? – EVનો ઉપયોગ કરીને પ્રદૂષણ ઘટાડવું

19. વર્લ્ડ વોટર કોંગ્રેસ એન્ડ એક્ઝિબિશન 2022નું યજમાન કયો દેશ છે ? – ડેનમાર્ક

20. હૈદરાબાદ મુક્તિ દિવસની ...........ના રોજ તેલંગાણા સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. – 17 સપ્ટેમ્બર

21. કઈ સંસ્થાએ 'ANGAN 2022' કોન્ફરન્સનું આયોજન કર્યુ હતું ? – ઊર્જા કાર્યક્ષમતા બ્યુરો
(ANGAN 2022 (Augmenting Nature by Green Affordable New- Habitat)ની બીજી આવૃત્તિ તાજેતરમાં 'Making The Zero- Carbon Transition in Buildings' શિર્ષક સાથે યોજાઈ હતી.)

22. પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ યોજના કયા કેન્દ્રીય મંત્રાલય સાથે સંબંધિત છે ?– રસાયણ અને ખાતર મંત્રાલય

23. ઝારખંડ સરકારે તાજેતરમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, પછાત વર્ગો, OBC અને અન્ય આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે રાજ્ય સરકારની નોકરીઓમાં .........અનામત પ્રદાન કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. – 77%

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




ICE®

# INSTITUTE FOR COMPETITIVE EXAMS

| Website | YouTube |
| --- | --- |
| iceonline.in | icerajkot |

| WhatsApp | Telegram |
| --- | --- |
| joinicerajkot.com | t.me/icerajkotofficial.com |

| Instagram | Facebook |
| --- | --- |
| icerajkot | icerajkot |

| Twitter | ICE Magic |
| --- | --- |
| icerajkot | ICE® MAGIC WEEKLY CURRENT AFFAIRS Free Download |

અમારી સાથે જોડાવા માટે અહીં આપેલ Social Media Icon પર Click કરો.